©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **THURSDAY, JULY 09, 2026 / ASADHA 18, 1948** **[No. 28**

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1701-1771	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	55
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	28	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	725-746

પોલીસ કમિશનર દ્વારા

વંચાણે લીધા :

(૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

(૨) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ તથા

(૩) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧ તથા

(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૨૦/૨૦૨૨, તા.૭/૭/૨૦૨૨ તથા

(૫) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૫૨/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ તથા

(૬) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૫૩/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ તથા

(૭) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૪૦/૨૦૨૫, તા.૧૮/૧૧/૨૦૨૫ અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૪૯/૨૦૨૫, તા.૩૦/૧૨/૨૦૨૫

વાસ્તે હું, જી.એસ.મલિક, IPS., પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર , મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઈ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતા માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂં છું.

હુકમ

અમદાવાદ, શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યકિતઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરની પ્રવૃત્તિને કાબુમાં લઈ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરના (ગાય,ભેસ વિગેરે ઢોર) મલિક, ગોપાલકોએ દિન-૬૦ માં પોતાની માલિકીના તમામ ઢોરોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાડવડાવી તેના દ્વારા પોતાના ઢોરોનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવા તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઈરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા, એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સબંધે આમુખ (૨) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ બાબતે શહેર વિસ્તારના પશુમાલિકો /પશુપાલકો તેમની અંદાજીત પણે પશુઓની સંખ્યા પશુમાલિક/પશુઓની નોંધણી RFID ચીપ અને ટેગ લગાવ્યાની વિવિધ બાબતોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સ્થળો તથા રસ્તા પર ઘાસચારાનું વેચાણ કરવા અને જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો પર આમુખ (૧) માં નિર્દિષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

રખડતા પશુ દ્વારા વાહન ચાલકો, બાળકો, વૃદ્ધોને શિંગડું મારવાથી નુકશાન થવાના બનાવો, ગંદકી, ભયજનક વાતાવરણ ઉભુ કરવા જેવા સમાચારો અવાર-નવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા હોય છે. જાહેર રસ્તા ઉપર પશુઓ છુટા મુકવાના કારણે રસ્તા પર થતો ટ્રાફિક, ન્યુસન્સ, ગંદકી, અકસ્માત, જાનહાનિ તથા ફૂલ-છોડ જેવા પ્લાન્ટેશનને નુકશાન થતુ હોય છે. તથા શહેરનાં ગ્રીન પેચ ડેવલપમેન્ટમાં મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારોમાં આવેલી શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો, બગીચાઓ, ગાર્ડન, શૈક્ષણિક સંકુલો, હોસ્પીટલો, ઈવેન્ટ્સ બજારો, શાક-માર્કેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી, શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઈવે, એક્સપ્રેસ વે,એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર, ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં પણ રખડતા પશુઓની સમસ્યા રહે છે. જે દૂર કરવા આવા વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે.

અમદાવાદ, શહેર વિસ્તારના દક્ષિણ ઝોનના મણીનગર-કાંકરીયા વિસ્તારમાં વિવિધ વિસ્તારોમાં કાંકરિયા કાર્નિવલ, ફિલ્મફેર એવોર્ડ, કોમનવેલ્થ, શોપીંગ ફેસ્ટીવલ જેવા કાર્યક્રમો તથા ઝુ, વ્યાયામ વિધાલય, કિડ્સ સીટી, નોકેટલ હાઉસમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓ, વોકર્સ, શહેરીજનોની અવર-જવર રહેતી હોય છે. તેમજ આ વિસ્તારમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સ્થળોઓ, બગીચાઓ, ગાર્ડન, હોસ્પીટલ, ઈવેન્ટસ બજારો, શાકમાર્કેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી,શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઈવે, એકસપ્રેસ વે, એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર, ગીચતા ધરાવતા જાહેર સ્થળોએ યોજાતા મોટા અનેકવિધ કાર્યક્રમો દરમિયાન મોટી સંખ્યામાં જનમેદની ભેગી થતી હોય છે તથા તે સિવાય દૈનિક ધોરણે આવા સ્થળો/રસ્તા પર નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર રહેતી હોય છે. તેમજ અમદાવાદ શહેરમાં ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ તથા ઓલમ્પિકની યજમાનિ કરવાનું હોય અને વારંવાર વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પી.ની મુવમેન્ટ રહેતી હોય છે. તદઉપરાંત આ વિસ્તારમાં શહેર

બહારના લોકો તથા વિદેશી પ્રવાસીઓ પણ આ સ્થળોની મુલાકાત અર્થે તથા હરવા-ફરવા માટે આવતા હોય છે. રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા આવા વિસ્તારોને અગાઉ નો-કેટલ ઝોન તરીકે જાહેર કરાયેલ છે. જેથી દક્ષિણ ઝોનના મણીનગર/કાંકરીયા વોર્ડમાં સમાવિષ્ટ તથા આસપાસના નીચે જણાવેલ વિસ્તારોને અગાઉના અન્ય જાહેરનામાના ધોરણે 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે.

-: 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરેલ વિસ્તાર :-

અ.નં	દિશા	વર્ણન
૧	પૂર્વ	રેલ્વેયાર્ડ- રેલ્વેલાઈન-ફિકર કેનાક
૨	પશ્ચિમ	આંબેડકર ગાર્ડન થઈ ઝણકાર હોલ થઈ રમણીકલાલ ભટ્ટ ગાર્ડન થઈ ગંગેશ્વર સોસાયટી થઈ AMTS Depo થઈ ભૈરવનાથ ચાર રસ્તા થઈ સૂર્યનગરી પોલીસ ચોકી
૩	ઉત્તર	આંબેડકર ગાર્ડન થઈ એકા ક્લબ/પારસી અગીયારી થઈ દિવાન બલુભાઈ સ્કુલ થઈ વાણિજય ભવન થઈ રેલ્વે યાર્ડ સુધી
૪	દક્ષિણ	ઘોડાસર ફીડર કેનાલ

જેથી ઉપર મુજબ જાહેર કરેલ 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' માં કોઈપણ પશુપાલક / પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવાની રહેશે.

આ સબંધે આ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલક/પશુમાલિકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સબંધિત વિભાગે તથા સ્થાનિક પોલીસે જરૂરી સમજ કરવાની રહેશે.

જાહેરનામાની અમલવારીની વિગત

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧/૧/૨૦૨૬ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનુ ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સયુકત બજાવતાં સંયુકત / અધિક પોલિસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચરીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, જી.આઈ.ડી.સી., અમદાવાદના તા.૨૩/૧૨/૨૦૨૫ ના જા.નં.જીઆઈડીસી/ઈએન્જી/અઈ/અમદાવાદ/239 તથા

(૨) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફીક/૦૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

(૩) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ તથા

(૪) પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફીક/૨૪/૨૦૨૫, તા.૩/૮/૨૦૨૫ અન્વયે.

જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપર/ટ્રાફિક/૫૦/૨૦૨૫, તા.૩૦/૧૨/૨૦૨૫

હું, જી.એસ.મલિક, IPS., પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર , મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ પર મચ્છુનગર પાસે આવેલ બ્રીજ જર્જરીત હોવાથી ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા તોડી નવો બ્રીજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. જે અંગે ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ/ડાયવર્ઝન કરવા હુકમ કરૂં છું.

હુકમ

અમદાવાદ શહેરમાં વટવા જી.આઈ.ડી.સી. ઔધોગિક વસાહતમાં ખારીકટ કેનાલ પર મચ્છુનગર પર આવેલ બ્રીજ આશરે ૨૩ મીટર લંબાઈનો બ્રીજ તોડી પાડી નવનિર્માણ કરવાનો હોવાથી તેનું આસિસ્ટન્ટ એન્જીનીયર, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, અમદાવાદ દ્વારા નિરીક્ષણ કરતા સદર જગ્યાએ બ્રીજ પરનો આવતો જતો ટ્રાફિક ડાયવર્ટ કરવા માટે રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટરનો રોડ તમામ પ્રકારના વાહનોની અવર-જવર તાત્કાલિક બંધ કરવી પડે તેમ જણાઈ આવેલ છે. જેથી આ બ્રિજ ઉપર રામોલ ચાર રસ્તાથી ત્રિકમપુરા પાટીયા સુધી આશરે ૨૦૦ મીટર તરફ જતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ સુધી સંપુર્ણ બંધ કરવા પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાતુ હોય જેથી નીચે મુજબની વિગતે ઉકત વાહનોની અવર-જવર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

અનં.	વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત	વૈકલ્પિક માર્ગની વિગત
૧	વટવા જી.આઈ.ડી.સી.મચ્છુગર બ્રીજ જે રામોલ ચાર રસ્તાથી અંબિકા ત્રણ રસ્તા સુધી આશરે ૨૦૦ મીટર જેટલો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે બંધ રહેશે.	૧. વટવા જી.આઈ.ડી.સી. મચ્છુગર અંદરના ભાગથી આવતો ટ્રાફિક રામોલ પોલીસ ચોકી થઈ હાથીજણ લાલગેબી સર્કલ થઈ ત્રિકમપુરા વાળા અલગ અલગ મુખ્ય માર્ગ જઈ શકશે. ૨. વટવા જી.આઈ.ડી.સી. બહારથી જી.આઈ.ડી.સી. અંદર આવવા માટે ત્રિકમપુરા ચાર રસ્તાથી ડાબી બાજુવળી જી.આઈ.ડી.સી. તરફ અલગ અલગ માર્ગ તરફ જઈ શકશે.

જાહેરનામાની અમલવારીની વિગત

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧/૧/૨૦૨૬ થી તા.૩૦/૬/૨૦૨૬ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનુ ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સયુકત બજાવતાં સંયુકત / અધિક પોલિસ કમિશનરશ્રીના દરજજાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચરીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : વિશેષ શાખા/એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૧૩૯/૨૦૨૫.- માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતશાહ નાઓ તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરોસ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રીના ઓનતેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર, (ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમા ''નો ડ્રોન ફલાય ઝોન'' જાહેર કરૂ છું. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), કવાડ કોપ્ટર(QUADCOPTER), પાવર્ડ એરક્રાફટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફટ (MICROLIGHT AIRCRAFT),હેંગ ગ્લાઈર / પેરાગ્લાઈડર (HANGGLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવવું છું.

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુકિત આપુ છું.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૨૭/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૮/૧૨/૨૦૨૫ કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિતે સામે ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા સંયુકત /અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા :

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૧/આર.બી/૭૯૯૯/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ તથા,

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૨/આર.બી/૧૨૧૫૭/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૩/૪૨૨૮/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૪/૭૮૮૭/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૫/૭૮૬૯/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૬/૬૭૨૦/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે,

(૭) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૭/ આર.બી./૯૩૧૨/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરીમટ/ધ્વનિ/૧૪૦/૨૦૨૫.- અમદાવાદ શહેરમાં કોઈપણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

રેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમ કોર્ટના વખતો/વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦ થી ધોંધાટ ઉત્પત્ર કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણો) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે.જેમાં તા.૧૧/૧૨/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામા આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણે નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

નોઈઝ સ્ટાન્ડર્ડ

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ૬-૦૦ થી રાત્રીના ૨૨-૦૦	રાત્રીના ૨૨-૦૦ થી સવારના ૬-૦૦
એ	ઔદ્યોગિક	૭૫	૭૦
બી	વાણિજ્ય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગની ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તારીખ ૧૧/૧/ ૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આકર્ષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ૨૨:૦૦ થી સવારના ક.૬-૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) ઓડીટોરીયમ, કોમ્ફરન્સ હોલ, કોમ્યુનિટી હોલ/પાર્ટી પ્લોટ આગળ તમામ સહેલાઈથી જોઈ શકે તે રીતે સાઈન બોર્ડ લગાવવાની જવાબદારી ત્યાના/તેના સંચાલકોની રહેશે. તથા નોઈઝ સ્ટાન્ડર્ડમાં જણાવ્યા મુજબ અમલવારી કરાવવી.

(ક) જાહેર સ્થળોની વ્યાખ્યા નક્કી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ડ) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી(એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

હુકમ

હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/ સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર : જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ. માં થયેલ છે જેમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશર શ્રી, નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશનરશ્રી ઓ)ને એકઝી.મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા ૫૨ પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો સમય

આ હુકમ તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૭/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી (બત્રે દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર

અમદાવાદ, શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત કૃત્ય

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી રસઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકાશે નહી..

(૧) હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહીં.

(૨) એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

(૩) રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેર માર્ગમાં રોકાઈને કરવા નહીં.

(૪) ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ ઈન રિસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેક્શનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ડર્ડ હોવું જોઈએ તે જોતા ડી.જે. સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનોનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવું જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોક્ત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો :

(૧) માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે / ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી. પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી-૭ દિવસ પહેલા કરી પુર્વ મંજૂરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

(૨) વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

(૩) અમદાવાદ શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ / વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહીં. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

(૪) પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યક્તિની તેના ઉપર સહી હોવી જોઈએ.

(૫) પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહીં તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુદ્ધિ અનુસાર આપી શકશે.

(૬) અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોક્ત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

(૭) માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડ્યુલ પ્રમાણે સવાર ક.૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

(૮) અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/ વાજીન્ત્રનો ઉપયોગ રાતના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ક.૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ / વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નક્કી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦-૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

(૯) કોઈપણ વિસ્તારમાં ધોંધાટ / અવાજનો હવામાનમાં પ્રમાણ ઉપરોક્ત જણાવેલ શીડ્યુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે. તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ :-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઈએ નહીં.

(૧૦) મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સિસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

(૧૧) ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહી.

(૧૨) માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યક્તિ, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

(૧૩) ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

————————

વંચાણે લીધા :

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૧/આર.બી/૬૫૦૬/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ તથા,

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૨/આર.બી/૧૨૧૫૮/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંકઃજી/૭૨૫/ઝોન-૩/૪૨૨૭/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંકઃજી/૭૨૫/ઝોન-૪/૭૮૭૩/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંકઃજી/૭૨૫/ઝોન-૫/૭૮૭૧/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંકઃજી/૭૨૫/ઝોન-૬/૬૭૧૯/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે,

(૭) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૭/ આર.બી./૯૩૧૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : વિ.શા/જાહેરનામું/એ-સેકશન/મકાન ભાડુઆત/૧૪૧/૨૦૨૫.-ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/ ગુનેગાર તત્ત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શકયતાઓ રહેલી છે.

આગામી દિવસોમાં મકરસંક્રાતિ, પ્રજાસત્તાક દિન, વસંત પંચમી, શિવરાત્રી વિગેરે જેવા ધાર્મિક તેમજ રાષ્ટ્રિય તહેવારો આવનાર હોય, આવા તહેવારોના સમયગાળા દરમ્યાન આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજય કે દેશમાંથી આવી કોઈના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહી સ્થાનિક જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શકયતા નકારી શકાય નહી. અમદાવાદ શહેરમાં જાહેર સલામતી અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

આથી જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં બર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર : જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરના પોલીસ કમિશર વિસ્તારમાં કોઈ મકાન/ ઔદ્યોગિક એકમો/ ઓફીસો/ દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે, મકાન/ ઔદ્યોગિક એકમો/ ઓફીસો/ દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને ભાડે આપી શકાશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓને ભાડુઆતની ઓળખણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનુ. નંબર	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયા વિસ્તારમાં કેટલા ચો.મી. બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું ?	જે વ્યક્તિઓને ભાડે આપેલ છે તેમના પાકા નામ સરનામાં ફોટા, પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનું નામ સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૭/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી (બત્રે દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમ ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

વિસ્તાર

અમદાવાદ, શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનહી ઉપરના દરજજાના તમામ પોલીસ અધિકારી-શ્રી ઓને જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

———————

વંચાણે લીધા :

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૧/આર.બી/૭૯૯૮/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ તથા,

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ ઝોન-૨/આર.બી/૧૨૨૧૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૩) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર.બી/૭૮૮૬/૨૦૨૫ તા.૨૭/૧૨/૨૦૨૫ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આર.બી/૭૮૭૦/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૬/૬૭૧૫/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક : જી/૭૨૫/ઝોન-૭/ આર.બી./૯૩૧૧/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫ આધારે,

જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક : વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/સ્પા/મસાજ પાર્લરો-કર્મચારીની માહિતી/૧૪૨/૨૦૨૫.- શહેર રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લરની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ, શહેર, (ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર:જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપૂર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છું.

અ.નુ.	વિગત	રીમાર્કસ
૧.	સ્પા/ મસાજ પાર્લર, એકમનું નામ,માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર.	
૨.	સ્પા/ મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)	
	(૧) જો તેઓ ભારતીય હોય.તો તેના ઓળખના પુરાવા જોડવા. હાલનું સરનામું- મુળ વતન નું સરનામું- ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) (૨) જો તેઓ વિદેશી હોય. તો. - તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.) - કયા વિઝા પર ભારતમાં આવેલા છે.તેની વિગતઃ- હાલનું સરનામુંઃ-	
	ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં) સ્પા/ મસાજપાર્લર ચલાવનારની સહી કામકરતા કર્મચારીની સહી સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ-	
૩	:: **નિયમો** :: ૧. આ વિગત કોરાકાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા /મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. ૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે તેમનું ડ્રાઇવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઇલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે.	

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા.૨૭/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી (બંત્રે દિવસો સહિત) ૬૦ દિવસ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમ અન્વયે પોલીસ અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :૨૯/૧૨/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૨૩૧/૨૦૨૫.- સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે ભુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૮/૧૦/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૧/૦૧/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૨૭/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંકઃએસ.બી./ચાર કરતા વધુ વ્યક્તિ ભેગા થવા ઉપર/૨૩૨/૨૦૨૫.- સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

સુરત કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર રસ્તા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એન્જસી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

અમલવારીનો સમય તથા વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૫/૧૨/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૧/૦૧/૨૦૨૬ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :૨૭/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

જાહેરનામું

જી.પી.એકટ કલમ-૩૩(થ),(ય) અન્વયે.

ક્રમાંકઃએસ.બી./૩૧ ડીસેમ્બર/૨૩૩/૨૦૨૫.- સુરત શહેરમાં પોલીસ કમિશનરેટ વિસ્તારમાં દર વર્ષે ૩૧ ડિસેમ્બર ના દિવસે ચાલુ વર્ષની વિદાય અને નવા વર્ષને આવકારવાના હેતુથી અલગ-અલગ પ્રકારે ૩૧ ડિસેમ્બરની ઉજવણી પણ થતી હોય છે, આવા પર્વની ઉજવણીની આડમાં અસામાજીક કૃત્યોને બંધ કરાવવા ખુબજ જરૂરી હોવાથી આગામી તા.૩૧ ડીસેમ્બર ૨૦૨૫ ની વિદાય અને સને.૨૦૨૬ ના વર્ષને આવકારવાના હેતુથી થતી તમામ ઉજવણી જગ્યાના આયોજકોએ અથવા તો માલિકોએ કાર્યક્રમ પુર્વ જરૂરી મંજુરી પોલીસ કમિશનર કચેરી, લાયન્સ શાખા ખાતેથી મેળવી લેવા અંગે ઉચિત અને અનીવાર્ય તેમજ અમુક પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. જી.પી.એકટ કલમ-૩૩(થ), (ય) ૧૩૧ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનાં કૃત્યો કરવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવું છુ.

પ્રતિબંધિત કૃત્યો

(૧) જાહેર રોડ પર કે જાહેર જગ્યાએ પર ફટાકડા ફોડવા પર.

(૨) આ ઉજવણી ભાગરૂપે જાહેર માર્ગો ઉપર બેફામ બાઈક ચલાવવા તથા બાઈકના સ્ટંટો કરવા તેમજ ફોર વ્હીલરના બોનેટ ઉપર બેસવા કે ઉભા રહેવા તથા ડીકી ખોલીને બેસવા પર.

(૩) જાહેરમાં એકબીજા પર પાણી ઉડાડવા કે પાણીની બોટલો ફેકવા પર.

(૪) તલવાર કે મોટા ચાકુથી કેક કાપવા પર.

(૫) ઉજવણીવાળી જગ્યામાં કે જાહેર રોડ ઉપર ઉજવણીના ભાગરૂપે જોએ-જોરથી માઈકો વગાડવા ઉપર.

(૬) પાનના ગલ્લા/ચાની લારી ઉપર ચાર કે ચાર કરતા વધુ વ્યકિતઓ ભેગા થવા પર, ટ્રાફિકને નડતર થાય તે રીતે ટોળા બનાવીને ઉભા રહેવા પર.

(૭) પ્રતિબંધિત માદક પદાર્થો વેચવા તેમજ સેવન કરવા પર.

(૮) દર્દીઓ, સીનીયટ સીટીજનો કે રહીશોને પરેશાની થાય તેવો ધોંધાટ કે મોટા અવાજે મ્યુઝિક વગાડવા પર.

(૯) બાઈક તથા ફોર વ્હીલરના મોટા અવજે હોર્ન વગાડવા તથા મોઢાથી વ્હીસલ કે પિપુંડા વગાડવા પર.

(૧૦) ટ્રાફિકને અડચણ થાય તેવા પાથરણાવાળા કે ફુટપાથ પર ફેરીયાઓને વેચાણ કરવા તથા ટોળા વળીને ઉભા રહેવા પર.

આયોજકોએ અનુસારવાની કાર્યપધ્ધતિઓ

(૧) ફાર્મ હાઉસ/પાર્ટી પ્લોટ /મોટા મોલ તથા તમામ ઉજવણી સ્થળોના ગેટ ઉપર ફરજીયાત નાઈટ વિઝન સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

(૨) ફાયર સેફટીની તમામ સુવિધાઓ ફરજીયાત રાખવાની રહેશે.

(૩) ઉજવણી સ્થળોએ પ્રતિબંધિત કૃત્યો કે માદક પદાર્થો કે કેફી પિણાઓનો ઉપયોગ ન થાય તે તમામ જવાબદારી આયોજકોની રહેશે.

(૪) તમામ પાર્કિંગ સ્થોળોએ પ્રાઈવટ સિકયુરીટી તથા ફરજીયાત સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે.

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર

પ્રતિબંધિત સમય અમલવારી

તા.૩૦/૧૨/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ થી તા.૦૧/૦૧/૨૦૨૬ના કલાક ૨૪:૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૩/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાઃ-

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૬૨/૨૦૧૧/એન.એસ.વી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા.૨૧/૦૭/૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા.૧૦/૧૨/૨૦૨૫ના પત્રનં.ઉખસ/ફડચ/૦૧/ક/૨૦૦/૨૦૨૫થી કરેલ વચગાળાનો આદેશ.

પ્રસ્તાવના

જા.નં.ઉખસ/ફડચ/૦૧/ક/૩૬/૨૬૪/૨૦૨૬ આમુખ(૧) થી વંચાણે લીધેલ જોગવાઈઓ અન્વયે મંડળીના કાર્યવાહકોને સાંભળવાની તક આપવા માટે મંડળીની કામગીરી સુધારણા માટે સમય આપતો આમુખ (૩) થી વચગાળાનો આદેશ કરવામાં આવેલ. સદર આદેશ અન્વયે મંડળીના કાર્યવાહકો દ્વારા મંડળીને ચલાવવા માટે તેમજ ઉદેશો મુજબ કાર્યરત કરવા માટે કોઈ રસ દાખવેલ નથી, અથવા પ્રત્યુત્તર આપેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. આમ, સદર મંડળી ચલાવવા માટે મંડળીના કાર્યવાહકોને રસ ન હોવાનુ પ્રથમ દ્રષ્ટિએ ફલિત થાય છે. જેથી અમોને મળેલી સત્તા અન્વયે નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

અંતિમ આદેશ

હું એસ.એન.ઝાલા, જિલ્લા રજિસ્ટ્રાર સ.મં. પાટણ આમુખ-૨ થી મને મળેલ સત્તાની રૂએ શ્રી ચાણસ્મ કન્ઝયુમર્સ કો.ઓપ.સ્ટોર્સ લી. મુ.તા. ચાણસ્મા, જિ.પાટણ જેનો નોંધણી નં.૧૮૫૦ અને નોંધણી તા.૩૧/૦૭/૧૯૫૦ ને અત્રેની કચેરીના આમુખ નં.૩ અન્વયે તા.૧૦/૧૨/૨૦૨૫ના ફડચામાં લઈ જવાના વચગાળાના આદેશને ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૩) હેઠળ બહાલી આપીને મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરુ છુ. તથા સદર કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજિસ્ટ્રાર સ.મં., પાટણની નિમણૂક કરુ છુ અને આ અંગે નિમાયેલા ફડચા અધિકારીશ્રીએ ફડચાની તારીખથી નિયત મુદતમાં પૂર્ણ કરવાની રહેશે. તેમજ ફડચા ફી નિયત ધોરણે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

પાટણ તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

એસ.એન.ઝાલા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, પાટણ

મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધાઃ-

(૧) સંયુકત રજીસ્ટ્રાર (ધિરાણ) સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્રક્રમાંક : RCOS/1132/03/2025, DATE:-05/04/2025 રાજયમાં સ્થગિત મંડળીઓની ફડચાની કામગીરી અંગેની SOP

(૨) મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર સ.મં.ડાંગ-આહવનો તા. ૧૮/૦૮/૨૦૨૫ નો ફડચાનો વચગાળાનો આદેશ ક્રમાંકઃADRCSDA/0053/08/2025, નો વચગાળાનો આદેશ

(૩) ફડચા અધિકારી દ્વારા મંડળીને ચાર્જ સુપ્રત કરવા બાબતે આપેલ તા.૨૬/૦૮/૨૦૨૫ ના પત્રક્રમાંક : નં.ફડચ/૦૧/ખ-૧/૪૧-૪૩ /૨૦૨૫ ની નોટીશ

(૪) કોયલીપાડા વન વિકાસ સ.મં.લિ.ની તા.૨૩/૦૯/૨૦૨૫ ની વચગાળાનો આદેશ રદ કરવા બાબતની અરજી

(૫) કોયલીપાડા વન વિકાસ સ.મં.લિ.ની તા.૨૮/૦૯/૨૦૨૫ ની વાર્ષિક સાધારણ સભાની કાયવાઈ નોંધ

(૬) ગુજરાત સહકારી મંડળીઓના સને ૧૯૬૧ ની કલમ-૧૦૭ તથા કલમ-૧૦૮ અન્વયેની જોગવાઈઓ

(૭) નામદાર સરકારશ્રીના કૃષિ સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંકઃ- જીએચકેએચ-૫૧/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી મળેલ સત્તાઓ

<u>વચગાળાનો આદેશ રદ કરતો હુકમ</u>

File No: ADRCSDA/LIQ/e-file/1348/2026/0009/Liquidation. શ્રી કોયલીપાડા વન વિકાસ સહકારી મંડળી લિ. મુ.પો.કોયલીપાડા, તાઃ-વધઈ, જિઃ-ડાંગ નો નોંધણી નંબર :- ઉ-૧૪૫૭૮, તા.૧૦/૦૫/૨૦૦૬ થી નોંધાયેલ સહકારી મંડળી છે. સદર મંડળીને આમુખ-(૧) થી સ્થગિત મંડળીઓને ફડચામાં લઈ જવા અંગેની SOP મુજબ આમુખ (૨) થી ઉકત મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો હુકમ કરવામાં આવેલ, જે વચગાળાના હુકમના અન્વયે આમુખ (૩) થી ફડચા અધિકારી દ્વારા ઉક્ત મંડળી ને ચાર્જ સુપ્રત કરવા બાબતે નોટીશ આપવામાં આવેલ જેના સંદર્ભમાં આમુખ (૪) થી મંડળીના પ્રમુખ/મંત્રીશ્રી દ્વારા વચગાળાનો આદેશ રદ કરવા અંગેની રજૂઆત કરેલ છે. જે અરજી માં હોદેદારો દ્વારા મંડળી ચાલુ રાખવા બાબતે વ્યવસ્થાપક કમિટિ સભ્યોની બહાલી લઈ મંડળી ચાલુ રાખવા ઠરાવ પસાર કરી સંમતિ દર્શાવેલ છે. તેમજ આમુખ (૫) થી વાર્ષિક સાધારણ સભામાં ઠરાવ પસાર કરી સભાસદોની બહાલી મેળવી મંડળી ચાલુ રાખવાની રજૂઆત કરેલ છે.

આમ, ઉકત મંડળીની આમુખ-(૪) અને (૫) થી કરેલ રજૂઆત વંચાણે લઈ નીચે મુજબનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ

હું બી.કે. છત્રોલા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ ડાંગ-આહવા, મને આમુખ-૭ થી મળેલ સત્તાની રૂએ શ્રી કોયલીપાડા વન વિકાસ સહકારી મંડળી લિ. મુ.પો.કોયલીપાડા, તાઃ-વધઈ, જિઃ-ડાંગ જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની જોગવાઈઓ હેઠળ નોંધણી નંબર :- ઉ-૧૪૫૭૮, તા.૧૦/૦૫/૨૦૦૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. તેને પ્રસ્તાવનામાં જણાવેલ વિગતો ધ્યાને લઈને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈ મુજબ મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ નીચેની શરતોને આધીન રદ કરવા આથી હુકમ કરૂ છું.

<u>શરતો</u>

(૧) મંડળીએ તેનું કામકાજ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ ૧૯૬૧ તેમજ મંડળીના પેટાનિયમની જોગવાઈઓ મુજબ કરવાનુ રહેશે.

(૨) મંડળીનું સંચાલન સહકારી કાયદા કાનૂન મુજબ થઈ શકે તે માટે નિયમિત વ્યવસ્થાપક સમિતિની બેઠક અને વાર્ષિક સાધારણ સભા મેળવવાની રહેશે.

(૩) દર વર્ષે અત્રેની કચેરી તરફથી ફાળવવામાં આવેલ ઓડીટર મારફત નિયમિત ઓડીટ કરાવવાનું રહેશે.

ડાંગ-આહવા તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬

બી.કે.છત્રોલા
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ડાંગ-
આહવા

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

નોંધણી ક્રમાંક : CSMAHSEP202603028 આથી જાહેર કરે છે કે, ''ધી મહિસાગર ઉચ્ચતર માધ્યમિક ટીચર્સ ક્રેડીટ સો.લી'' ઠે. B/9 નગરપાલિકા કોમ્પલેક્ષ, લુણેશ્વર મંદિરની સામે, મુ.પો. તા. લુણાવાડા, જિ. મહિસાગર લુણાવાડા, જિ.મહિસાગર

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક (૧૦) ની કલમ -૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નોંધણી ક્રમાંક : CSMAHSE202603029 આથી જાહેર કરે છે કે, ''ધી આસુદરિયા સેવા સહકારી મંડળી લી.'' મુ. આસુદરિયા પો.રતનકુવા તા.વિરપુર, જિ.મહિસાગર લુણાવાડા, જિ.મહિસાગર

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક (૧૦) ની કલમ -૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ગૌરાંગ.વી.ગરાસીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ મહિસાગર
લુણાવાડા

નં.નધણ/૦૧/ખ-૨/૬૯/NO-REG/KHE/SE/(MILK)-49783/ ડોકેટ-૧૫૨૫ સને ૨૦૨૬આથી જાહેર કરે છે કે, ધી ગોવિંદજીનીમુવાડા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ. ગોવિંદજીનીમુવાડા પો.ગોગજીપુરા તા.કઠલાલ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૨જી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૭૬/NO-/KHE/SE-49785/ સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી ઓમનગર (વાધાવત) મહીલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ.ઓમનગર(વાધાવત) તા.મહેમદાવાદ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૭૯/CSKHESEM202603001/ ડોકેટ-૧૫૩૧/સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી આતરસુંબા કલસ્ટર સખી સહકારી મંડળી લિ. મુ.આતરસુંબા તા.કપડવંજ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૮૧/CSKHESEM202603002/ ડોકેટ-૧૫૩૨ સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી નાનીઝેર કલસ્ટર સખી સહકારી મંડળી લિ. મુ.નાનીઝેર તા.કપડવંજ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૮૬/CSKHESEM202603004/ ડોકેટ-૧૫૩૪ સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી લીબાસી કલસ્ટર સહકારી મંડળી લિ. મુ.લીબાસી તા.માતર જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૮૩/CSKHESEM202603003/ ડોકેટ-૧૫૩૩ સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી આઈ શ્રીમોગલમાં કલસ્ટર સખી સહકારી મંડળી લિ. મુ.અલીણા તા.મહુધા જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૭૧/CSKHESEMILK202602925 ડોકેટ-૧૫૨૯/આથી જાહેર કરે છે કે, ધી વસ્તાજીનામુવાડા (અલવા) દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ. મુ.વસ્તાજીનામુવાડા (અલવા) તા. કપડવંજ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૭૨/NO-REG/KHE/SE497842026/ ડોકેટ-૧૫૨૭ આથી જાહેર કરે છે કે, ધી દેવીરાજ સેવા સહકારી મંડળી લિ. મુ.ખાત્રજ તા.મહેમદાવાદ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૬૭/NO-CSKHE/SEB202602923/ ડોકેટ-૧૫૨૮ સને ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ધી ખેડા જિલ્લા એડવોકેટસ ક્રેડીટ એન્ડ કન્ઝયુમર્સ સોસાયટી લિ. મુ.નડીઆદ તા. નડીઆદ જિ.ખેડા

સને-૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૬

ડો. સ્તુતી રાવલ
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ નડીયાદ

નોંધણી ક્રમાંક : CSMEHSE202603075 આથી જાહેર કરે છે કે, (સુચિત) શ્રી કસલપુરા સેવા સહકારી મંડળી લી મું-કસલપુરા તા.જોટાણા જી.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના કસલપુરા ગામ પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નોંધણી ક્રમાંક : CSMEHSE202603074 આથી જાહેર કરે છે કે, (સુચિત) શ્રી લાલજીનગર (મગુના) સેવા સહકારી મંડળી લી મું-લાલજીનગર (મગુના) તા.જી.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના લાલજીનગર (મગુના) ગામ પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તા.૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

એસ.એન.ઝાલા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, મહેસાણા

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા
જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૩૪/ ૩૪/૧૫૮/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, રૂકૈયા રેસીડેન્સી કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. સલવાવ તા.વાપી જિ.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૪૦/ ૪૦/૧૫૯/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, મુન ટાવર બીલ્ડીગ કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમિટેડ, સેવન જવેલસ સ્ટેશન રોડ,વાપી તા.વાપી જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૩૮/ ૩૮/૧૬૦/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, મધુવન પેલેસ કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમિટેડ, ઓધવનગર, સરીગામ તા.ઉમરગામ જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૫૨/ ૪૬/૧૬૧/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, સિદ્ધિવિનાયક કૃપા કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમિટેડ, ફણસા તા.ઉમરગામ, જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૪૯/ ૪૨/૧૬૨/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, સી શેલ્સ કો-ઓપ.હા.સર્વિસ સોસાયટી લિ. તીથલ તા.વલસાડ, જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૨૯૫૦/ ૪૪/૧૬૩/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, વાલરામ ધામ રેસીડેન્સી કો.ઓપ.હાઉસીગ સર્વિસ સોસાયટી લિમિટેડ, સેલવાસ રોડ ડુંગરા, વાપી તા.વાપી, જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૦૩જી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.એન.પટેલ
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હા) વલસાડ

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

ક્રમાંક : CSSURSAHAA202603030 આથી જાહેર કરે છે કે, શાશ્વત હોમ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.બોણાંદ, તા.ચોરાસી, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603031 આથી જાહેર કરે છે કે, હરિકૃષ્ણ સાકાર કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.સરથાણા, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક : CSSURSACO202603032 આથી જાહેર કરે છે કે, ગુરૂદત્ત પોઈન્ટ કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.ડીડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૦૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક : CSSURSAHAA202603046 આથી જાહેર કરે છે કે, ગ્રીનોપોલીશ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મુ.વેસુ, તા.મજુરા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૦૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ક્રમાંક : CSSURGH202603054 આથી જાહેર કરે છે કે, શ્રી અંબિકા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મોજે:શેરડી, તાલુકો:ઓલપાડ, જિલ્લો: સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૦૯મી ફેબ્રુઆરી, ૨૦૨૬

એચ.ડી.કાછડ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ), સુરત

નોંધણી નંબરઃ-CSNAVSA202603091 જાહેર કરે છે કે :-પ્રેરણા કલસ્ટર સખી સંઘ મહિલા સહકારી મંડળી લી. મુ.તોરણવેરા, તા.ખેરગામ, જિ.નવસારીને

સને ૧૯૬૨નો ગુજરાત ના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નોંધણી નંબરઃ-CSNAVSEVI202603093 જાહેર કરે છે કે :- મીઢાબારી સેવા સહકારી મંડળી લી. મુ.પો.મીઢાબારી, તા.વાંસદા, જિ.નવસારીને

સને ૧૯૬૨નો ગુજરાત ના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નોંધણી નંબરઃ-CSNAVSEVI202603094 જાહેર કરે છે કે :-જામનપાડા સેવા સહકારી મંડળી લી. મુ.પો.જામનપાડા, તા. ખેરગામ, જિ.નવસારીને

સને ૧૯૬૨નો ગુજરાત ના કાયદા-૧૦(ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬

(સહી) અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, નવસારી

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

પ્રતિ,
મુખ્ય પ્રયોજકશ્રી,
શ્રીમતિ સુનાબેન કનીલભાઈ મુકન્યા ટીમ્બરથવા પો.કેશબંધ, તાસુબીર,જી-ડાંગ
મહિલાઓ સંચાલિત (ખાસ ફળિયું) ટીમ્બરથવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.મુ. (ખાસ ફળિયું) ટીમ્બરથવા પો.કેશબંધ, તા.સુબીર, જી-ડાંગ

ક્રમાંકઃ-નધણ/૦૧/ખ-૨/૩૩-૩૭/૨૦૨૬ મહિલાઓ સંચાલિત (ખાસ ફળિયું) ટીમ્બરથવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણીનું પ્રમાણપત્ર NO.-CSDANSEMILK202603063, DATE- 10/02/2026 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશો.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા, મદદનીશ સહકારી અધિકારી-ને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજીસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

<u>પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.</u>

(૧) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.
(૨) સભાના અધ્યક્ષની નિયણૂંક.
(૩) નવા સભાસદો દાખલ કરવા.
(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક સમિતિ (કમિટિ)ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે.

જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

SO281

દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડના

પેટા કાયદા

મંડળીનું નામ : મલ્લિકામો સંચાલિત ખાસ ફળિયું (રીમ્બરપાડા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.

ગામ : રીમ્બરપાડા તા : સુબીર

નોંધણી નંબર : _____ નોંધણી તારીખ : _____

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ આલીપુર

વસુધારા

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

''વસુધારા ડેરી'' ને. હા. નં. ૪૮, મુ. આલીપુર. ૩૯૬ ૪૦૯
તા. ચીખલી, જિ. નવસારી. (ગુજરાત)

૧

:: મંડળીની નોંધણીની દરખાસ્ત ::

૧. સુચિત મંડળીનું નામ :- મહિલાઓ સંચાલિત ખાસ ફળિયું (રીમજરપાડા) કુંડ ઉત્પાદક સહકારી મંડળી લિ.

૨. સુચિત મંડળીનું સરનામું :- મુ. રીમજરપાડા, પો. કિરાલબંધ, તા. સુબીર જિ. ડાંગ, પિન- ૩૯૪૭૨૬

(૧) અમો નીચે સહી કરનારાઓનાં નામ અને સરનામાં આ સાથે આપેલ છે. અમો સહકારી મંડળી લિમિટેડ/અનલિમિટેડ રચવા વિચારીએ છીએ અને તે માટે સહકારી મંડળીના કાયદાની કલમ ૮ (૧) નીચે ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ "૯" હેઠળ મંડળીની રચના કરવા માટે આ સાથે અરજી કરીએ છીએ તેમજ આ સાથે સુચિત મંડળીની દરખાસ્તની ચાર નકલો અમારી સમંતિ અને સહીઓ સાથે સામેલ કરીએ છીએ.

ASSISTANT DISTRICT REGISTRAR C.S.AHWA-DANGS

૩. સુચિત મંડળી લિમિટેડ છે કે અનલિમિટેડ, જો લિમિટેડ હોય તો કેટલી હદ સુધી ? લિમિટેડ

૪. મંડળીનું કાર્યક્ષેત્ર :- ફક્ત ગામ પુરતું જ - રીમજરપાડા

૫. મંડળીના ઉદ્દેશો : પેટા કાયદા - ૩ કલમ મુજબ

પ્રમુખ કે મહિલા

મુખ્ય પ્રયોજકની સહી

૬.	પ્રયોજકો એક જ કુટુંબના છે કે, જુદા જુદા કુટુંબના ?	જુદા-જુદા
	નીચેના સગપણો પૈકી કોઈપણ સગપણ ધરાવે છે કે કેમ ?	ના
	પત્ની, પતિ, બાપ, મા, ભાઈ, બેન, બનેવી, દાદા, દાદી, સાવકા બાપ, સાવકી મા, છોકરો, છોકરી, સાવકો છોકરો, સાવકી છોકરી, પૌત્ર, પૌત્રી, દૂધભાઈ, દૂધબેન, સાળા, સાળી.	લાગુ નથી
૭.	જો શેર દ્વારા ભંડોળ ઉભું કરવાનું હોય તો કેટલા શેર બહાર પાડવાના છે. અને દરેક શેરની કિંમત શી રહેશે, તેમજ અત્યાર સુધી જે લોકોએ શેર ખરીદ્યા હોય તેની શેર ખરીદ કર્યા અંગેની સંખ્યા સાથેની યાદી.	૫૦,૦૦૦/- ૧૦૦/-
૮.	કેટલું શેર ભંડોળ એકત્ર કર્યું છે અને કેટલા બેંકમાં જમા કરાવ્યા છે. તેની વિગત તથા બેંકમાં ભંડોળ જમા કરાવ્યા અંગેની પાવતી.	૨૦૦/ ૨૦૦૦૦ છે એક ૨૦૦૦૦
૯.	સમવાય બાબતમાં જ્યાં સભ્ય તરીકે મંડળી, કંપની વિગેરે હોય તેવા કિસ્સામાં જે સભાસદે મંડળી અથવા કંપની વતી સહી કરી હોય તેમની બાબતમાં નીચેની માહિતી હોવી જોઈએ.	લાગુ પડી
	(૧) તે વ્યસ્થાપક કમિટિનો સભ્ય છે કે નહિ "જો પેઢી હોય તો તે પેઢીનો ભાગીદાર છે કે નહી" ?	લાગુ નથી
	(૨) ઉપરોક્ત સભાસદને મંડળી/કંપની પેઢી વતી સહી કરવા હક્ક આપતો મેનેજિંગ કમિટિનો ઠરાવ.	લાગુ નથી

+પ્રેસ કે મૂકવા

3

૧૦.	અરજી કર્યાની તારીખ સુધીમાં પ્રયોજકોએ કરેલ પ્રાથમિક ખર્ચની વિગત જણાવો અને મંડળી નોંધણી માટે સંભવિત ખર્ચની વિગત જણાવો.	હિસાબની નકલ સામેલ છે.
૧૧.	પત્રવ્યવહાર કરવાની સરળતા રહે તે માટે મુખ્ય પ્રયોજકનું નામ અને સરનામું.	શ્રીમતી સુનાબેન કનિલભાઈ મુકવા મુ. રીબડપાટા પો. ડુંગરબંધ તા. સુબીર જિ. ડાંગ
૧૨.	મંડળીના ચોપડાઓ કઈ ભાષામાં રાખવામાં આવશે તેની વિગત.	ગુજરાતીમાં
૧૩.	યોજના :-	
	આ સુચિત મંડળીની યોજના હોવી જોઈએ અને સદર મંડળી કેવી રીતે કરકસર પૂર્વક કામ કરશે અને મંડળીની સ્થિતિ મજબુત થશે તેની વિગતો.	ચેપ્ટર કાયદાની કલમ-૩ ના ઉદ્દેશો
	યોજના સ્થાયિ મિલ્કત લેવા માટે સમાવેશ છે કે કેમ ? તે સ્થાયિ મિલ્કત ખરીદ કરવાની છે અગર સંપાદન કરવાની છે તેનું વર્ણન.	

સુનાબેન કે મુકવા

મુખ્ય પ્રયોજકની સહી

૪

:: પ્રયોજકોએ નીચે સહી કરવી ::

(સહી) (૧) શ્રીમતી સુનાબેન દિનેશભાઈ મુછડિયા (મુખ્ય પ્રયોજક)

(૨) ૫ લલિતાબેન શૈલેષભાઈ મુછડિયા

(૩) ૫ રેખાબેન રસિકલાલભાઈ મુછડિયા

(૪) ૫ શિલાબેન મુકેશભાઈ મુછડિયા

(૫) ૫ ભારતીબેન અજિતભાઈ મુછડિયા

(૬) ૫ સુમિત્રાબેન ગોવિંદભાઈ પરમાર

(૭) ૫ પુષ્પાબેન અજયભાઈ સપરા

(૮) ૫ સવિતાબેન સોમુભાઈ ગમારિત

(૯) ૫ સંજયભાઈ કરણભાઈ મુછડિયા

(૧૦) ૫ રંજનબેન ગોવિંદભાઈ માળવી

(૧૧) ૫ સનુબેન મનસુખભાઈ લાખણ

સ્થળ : રીબડા

તારીખ : ૧૫/૦૭/૨૦૨૬

+ઠેસ કે મકવાણા

૫

જે શખ્શોએ મંડળીમાં શેર ભંડોળ તથા દાખલ ફીની રકમ ભરી હોય તેવા શખ્શોનાં નામ, ઉંમર ધંધો, સરનામું તેમણે ભરેલ રકમની વિગત દર્શાવતું પત્રક.

ક્રમ નં.	અરજદારનું નામ	ઉંમર	ધંધો	સરનામું (રહેઠાણ)	શેર ફાળાની રકમ	દાખલ ફી	સહી
૧	સુનાલબેન કનિલાલાઈ મુકન્યા	૩૨	ખેતી પશુપાલન	રીબડપા	૧૦૦	૧	સંમ્મ કે મુકન્યા
૨	સલિતાબેન કૌલિલાઈ મુકન્યા	૩૦	૫૫-	૫	૧૦૦	૧	સલીતા બેન
૩	રેખાબેન રતિલાલાલાઈ મુકન્યા	૫૨	૫	૫	૧૦૦	૧	
૪	શિલાબેન મુકેશલાલાઈ મુકન્યા	૩૨	૫	૫	૧૦૦	૧	શિલા બેન
૫	ભારતીબેન અમિતભાઈ મુકન્યા	૩૦	૫	૫	૧૦૦	૧	ભારતી બેન
૬	સુમિત્રાબેન ગોપિલાલાઈ પવાર	૩૨	૫	૫	૧૦૦	૧	સુમિત્રા બેન
૭	પુષ્પાબેન અજયલાઈ મપરા	૩૦	૫	૫	૧૦૦	૧	પુષ્પા બેન
૮	સવિતાબેન સોમુલાઈ ગાવિત	૫૨	૫	૫	૧૦૦	૧	સવિતાબેન
૯	મંજુલબેન કરણલાઈ મુકન્યા	૨૫	૫	૫	૧૦૦	૧	Mjul
૧૦	રેજુલાબેન ગોપિલાલાઈ માળવી	૪૩	૫	૫	૧૦૦	૧	રેજુલાબેન
૧૧	અનુરાબેન મનેશભાઈ લાખન	૩૨	૫	૫	૧૦૦	૧	અનુરાબેન

સહી +રેસ કે મુકન્યા

મુખ્ય પ્રયોજક

૬

:: સભાસદોના પશુઓની યાદી બતાવતું પત્રક ::

અ. નં.	સભ્યનું નામ	ગામ	શેરની રકમ	દૂધ આપતા પશુઓની સંખ્યા	દૂધ નહિં આપતા પશુ-ઓની સંખ્યા	કુલ પશુઓની સંખ્યા	કેટલું દૂધ ભરી શકશે (લીટરમાં)
૧	મુળાજી કુમાભાઈ મુકવાણા	ઈશ્વરપરા	૧૦૦	૧	-	૧	૪
૨	લાખાજી ડાયાભાઈ મુકવાણા	-"-	૧૦૦	૧	-	૧	૪
૩	રેજાજી રામાભાઈ મુકવાણા	-"-	૧૦૦	૧	-	૧	૪
૪	રામાજી મુંજાભાઈ મુકવાણા	-"-	૧૦૦	૧	-	૧	૪
૫	ભરતજી રાજાભાઈ મુકવાણા	-"-	૧૦૦	૫	-	૨	૧૦
૬	મુળજીજી ગોવિંદભાઈ પરમાર	-"-	૧૦૦	૨	-	૨	૧૦
૭	પુંજાજી રાજાભાઈ સાવરા	-"-	૧૦૦	૨	-	૨	૧૦
૮	સાજણજી રમેશભાઈ ડાભવા	-"-	૧૦૦	૧	-	૧	૪
૯	રેજાજી ગોવિંદભાઈ મુકવાણા	-"-	૧૦૦	૧	-	૧	૪
૧૦	રમેશજી કરશનભાઈ મુકવાણા	-"-	૧૦૦	૩	-	૩	૨૦
૧૧	અરજણજી માનાભાઈ ડાભવા	-"-	૧૦૦	૧	-	૧	૪

સહી +અમરેશ મુકવાણા

મુખ્ય પ્રયોજક

૭

મંડળીની વધારાની માહિતી :-

૧. મંડળીએ જો કામ શરૂ કરી દીધું હોય તો ક્યારથી શરૂ કર્યું ? 28-02-2024

૨. દૂધ ભરનારની સંખ્યા 22

૩. દરરોજ કેટલું દૂધ ભરે છે.

	લીટર
સવાર	૭૫
સાંજ	૭૦
કુલ...	૧૪૫

૪. સભાસદ સંખ્યા 35

૫. ખાતેદારની સંખ્યા ૧૪૬

૬. ગામની વસ્તી ૬૭૮

૭. દુધાળાં ઢોરની સંખ્યા ૫૦

૮. ભવિષ્યમાં કેટલા લીટર દૂધ પૂરૂં પાડવામાં આવશે ?

	લીટર
સવાર	૨૫૦
સાંજ	૨૫૦
કુલ...	૫૦૦

+૨ંસ્ત્ર ફ્ર ૠકન્યા

મુખ્ય પ્રયોજક

૮

દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ના

પેટા કાયદા

પેટા કાયદા કલમ ૧. મંડળીનું નામ અને સરનામું :-

(૧) આ મંડળીનું નામ મહિલાઓ સંચાલિત ખાસ ફળિયું રીમ્બરપાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. છે.

(૨) મંડળીનું નોંધાયેલું સરનામું મુ. રીમ્બરપાડા પો. કેરાબંધ તા. સુબીર જિ ડાંગ રહેશે. સરનામામાં કોઈપણ ફેરફાર થશે તો તેની ખબર, ફેરફાર થયાની તારીખથી ૩૦ દિવસની અંદર સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીને આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૨. કાર્યક્ષેત્રે :-

આ મંડળીનું કાર્યક્ષેત્ર નીચેનાં ગામો/ફળિયા પુરતું મર્યાદિત રહેશે પરંતુ કાર્યવિસ્તારમાં જણાવેલ ગામો/ ફળિયા પૈકી ગામ / ફળિયા અથવા ગામો / ફળિયા જો પોતાની જુદી મંડળી નોંધાવશે તો તે ગામ/ફળિયા અથવા ગામો/ફળિયા આ મંડળીના કાર્ય વિસ્તારમાંથી આપોઆપ રદ થશે.

કાર્યક્ષેત્રના ગામના અથવા ફળિયાના નામ :-

(૧) રીમ્બરપાડા (૨) —

(૩) — (૪) —

પેટાકાયદાના કલમ ૩. ઉદ્દેશો :-

મંડળીના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

(૧) સભાસદોને દૂઝણાં ઢોર ખરીદવા તેમજ પાળવા માટે વ્યાજબી વ્યાજના દરે કરજ ધીરવાનો.

(૨) સભાસદોને સ્વચ્છ દૂધ ઉત્પન્ન કરવામાં મદદ કરવાનો.

(૩) સભાસદોએ ઉત્પન્ન કરેલ સ્વચ્છ દૂધ સંઘ મારફત વેચાણ કરી સભાસદોને વ્યાજબી ભાવ મેળવી આપવાનો.

(૪) સભાસદોને પશુપાલનના ઉદ્યોગ અંગેની જરૂરી ચીઝ વસ્તુઓ પુરી પાડવાનો.

(૫) સભાસદોનાં દૂધાળાં ઢોરના વીમા ઉતરાવવા એજન્ટ તરીકે કામ કરાવાનો અને આ અંગે જરૂરી વ્યવસ્થા કરવાનો.

(૬) સભાસદોમાં ખેતી વિષયક પશુપાલન અંગેનો તથા તેને લગતા નવા સુધારા અને શોધખોળના જ્ઞાન અંગેનો પ્રચાર કરવો તથા તેને અમલમાં લાવવા ઉત્તેજન આપવાનો.

(૭) સભાસદો તથા કર્મચારીઓનો સહકારી પ્રવૃત્તિ પ્રત્યેનો વિશ્વાસ વધુને વધુ દૃઢ થાય તથા તેમનામાં સહકારી પ્રવૃતિની જાણકારી વધુને વધુ કેળવાય તે માટે તેમને સહકારી પ્રવૃત્તિને લગતા શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા કરવી અથવા તે માટે મદદરૂપ થવું.

(૮) સભાસદોમાં કરકસર, સ્વાશ્રય અને પરસ્પર મદદની ટેવોને ઉત્તેજન આપવાનો.

(૯) ઉપરના ઉદ્દેશો બર લાવવા માટે બીજી બધી જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો.

+૨૧૨૨ ૬ ૫૪૨૫

૮

પેટા કાયદા કલમ ૪. શેર ભંડોળ :-

નીચે જણાવેલા સાધનોથી ભંડોળ ઉભું કરી શકશે.

(અ) શેરથી :- ✓૧. સભાસદો પાસેથી મેળવી.

૨. સરકારશ્રી પાસેથી શેર ફાળો મેળવીને.

(બ) સભાસદો પાસેથી થાપણો મેળવીને.

(ક) કર્જ કાઢીને-કરજે નાણાં મેળવીને.

(ડ) બક્ષિસો મેળવીને.

(ઈ) પ્રવેશ ફી મેળવીને.

(૨) શેરના વેચાણથી ઉભું કરેલ ભંડોળ રૂા. ૫૦,૦૦૦/ - થી વધુ થવું જોઈએ નહિં.

(૩) બાંધી મુદતની અથવા ચાલુ થાપણ વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલા વ્યાજના દરે અને નક્કી કરે તેટલી રકમ સુધી લઈ શકશે પરંતુ બાંધી મુદત અને ચાલુ થાપણના વ્યાજનો દર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની આ પ્રકારની થાપણોના વ્યાજના દરથી વધુમાં વધુ ૨ ટકાથી વધુ રહેશે નહીં. થાપણો સાથેના બહારનાં દેવાની એંકદરે રકમ શેરથી ભરાયેલ ભંડોળ, અનામત ભંડોળ અને મકાન ફંડ બાદ એકત્ર ખોટના દશ ગણાં કરતાં વધવી જોઈએ નહિં.

(૪) મંડળીનું ભંડોળ જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે સહકારી કાયદાની કલમ ૭૧ (અ), (બ) અથવા (ડ) મુજબ રોકવામાં આવશે અથવા થાપણ તરીકે મુકવામાં આવશે પરંતુ ઈન્ડિયન ટ્રસ્ટ એકટની કલમ ૨૦(ઈ) મુજબ કોઈપણ રોકાણ થઈ શકશે નહિં.

(૫) આ પેટા નિયમમાં મંડળીનું કામકાજ એ બે શબ્દોમાં સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરી મેળવીને મંડળીએ સામાન્ય વસુલાતના કામને અંગે સ્થાવર મિલ્કતમાં રોકેલી રકમ અને મંડળીના પોતાના ઉપયોગ સારૂ બાંધવાના મકાન અને ગોડાઉનોમાં રોકેલી રકમનો સમાવેશ થશે.

પેટા કાયદા કલમ ૫. સભાસદપણું :-

(૧) કોઈપણ શખ્શ કે જે .....

(અ) પેટા કાયદા કલમ ૨માં દર્શાવેલ મંડળીના કાર્યક્ષેત્રનો રહીશ (છેલ્લા છ માસથી જે શખ્સ ગામમાં સતત રહેતો હશે) અને જે દારૂ પીતો હશે નહિં તે.

(બ) જેની ઉંમર પુરા ૧૮ વર્ષની અગર વધુ હશે અને જે કરાર કરવાનો કાયદેસર લાયક હશે, તથા જે દુધાળાં ઢોર પાળતો હશે દૂધ ઉત્પન્ન કરતો હશે તે.

(ક) જેની સભાસદપણાની લેખીત અરજી વ્યવસ્થાપક સમિતિની બહુમતીથી મંજુર થયેલી હશે તે.

(ડ) જેણે ઓછામાં ઓછી એક શેર ખરીદ કર્યો હશે અને પ્રવેશ ફીનો રૂા. ૧ (એક) આપ્યો હશે તે.

(ઈ) જેણે મંડળીના પેટા નિયમો પ્રમાણે વર્તવા બાંહેધરી આપી હશે તે.

(ફ) જે શખ્સ જાતે અગર સંયુક્ત કુટુંબની વ્યક્તિ મારફત અગર કોઈની ભાગીદારીમાં મંડળી જે પ્રકારનો ધંધો કરતી હશે તે પ્રકારનો ધંધો કરતો નહિ હશે તે .....

૧૦

(જી) જે ભેંસ અગર ગાય રાખતા હશે અગર તો મંડળીમાં જોડાઈ સહકારી મંડળીમાં લોન મેળવીને ગાય ભેંસ ખરીદવા ઈચ્છુક હશે અને સહકારી મંડળીને દૂધ ભરવા લેખીત બાંહેધરી આપતો હશે.

(એચ) જે દેવાળિયો અગર કાયદેસર નાલાયક ઠર્યો હશે નહિં.

(આઈ) જો તેના ઉપર નૈતિક અધ:પતનનો ફોજદારી ગુનો સાબીત થયો હશે નહિં.

(જે) મહિલા સંચાલિત મંડળીમાં બહેનો જ સભાસદ થઈ શકશે.

(૨) કોઈપણ શખ્સ કે જે આ પ્રકારનું કામકાજ કરતી બીજી કોઈ મંડળીનો સભાસદ હશે તે આ મંડળીનો સભાસદ થઈ શકશે નહિ અને સભાસદ થઈ ગયા હોય તો સભાસદ તરીકેનો હક્ક ભોગવી શકશે નહિં.

(૩) મંડળી નોંધવાની અસલ અરજી જે શખ્સોએ સહી કરી હશે તેઓ કલમ (૧) ક ની જોગવાઈઓમાંથી મુક્ત ગણાશે.

(૪) પોતાની હયાતી બાદ પોતાના શેર અને મંડળીમાં રહેલી અન્ય મિલ્કત મેળવવા માટે સભાસદે જે શખ્સનું નામ મંડળીના દફ્તરે નોંધાવ્યું હશે તે શખ્સને અથવા જે શખ્સ મરનાર સભાસદનો વારસદાર તરીકે હક્ક ધરાવતો હશે તે શખ્સ, જો વ્યવસ્થાપક સમિતિ સભાસદ તરીકે સ્વીકારે ત્યારે તે ઉપર જણાવેલી એક શેર લેવાની શરતમાંથી મુક્ત રહેશે.

પેટા કાયદા કલમ ૬. સભ્યપદ બંધ થવા બાબત.

(૧) કોઈપણ સભાસદ કોઈપણ વખતે એક માસની લેખીત નોટીશ આપીને વ્યવસ્થાપક સમિતિની મંજુરીથી મંડળીમાંથી નીકળી જઈ શકે પણ આવી મંજુરી જ્યાં સુધી તે મંડળીના દેવામાં હોય ત્યાં સુધી આપવામાં આવશે નહિં.

(૨) મંડળીની સાધારણ સભામાં હાજર સભાસદો $\frac{૩}{૪}$ જેટલા સભાસદો સંમતિથી કોઈપણ સભાસદને નીચેનાં કોઈપણ કારણસર મંડળીમાંથી બરતરફ કરી શકાશે.

(અ) જો જાતે નાણાં પાછા આપવામાં હંમેશા જાણીબુજીને ઢીલ કરતો હોય અથવા મંડળી તરફથી તેની ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં વારંવાર કસુર કરતો હોય.

(બ) જો તે ખોટી હકીકત જાહેર કરી ઈરાદાપૂર્વક મંડળીને છેતરતો હોય.

(ક) જો તે પેટા નિયમ ૫ માંની સભાસદપણાની કોઈપણ લાયકાત ધરાવતો બંધ થાય.

(ડ) જો તે મંડળીની શાખાને નુકશાન થાય તેવું કૃત્ય ઈરાદાપૂર્વક કરતો હોય.

(ઈ) જો તે પોતાના ઢોરને આરોગ્યના નિયમનથી વિરૂદ્ધ અનારોગ્ય હાલતમાં રાખ્યા જ કરતો હોય.

(ફ) પેટા નિયમ ૧૦ (૨૩) માં જણાવ્યા પ્રમાણે શિક્ષાને પાત્ર બન્યા પછી જો તે પોતાના જીદીપણે દૂધમાં ભેળસેળ કરતો હોય.

(ધ) જો તેની પાસે દૂધાળુ જાનવર હશે છતાંપણ પોતાના વપરાશનું દૂધ અલગ કાઢી લેતા વધેલું દૂધ ભરતો હશે નહિ તો.

પાટણ કે મુકવા

(૩) કોઈપણ સભાસદને બરતરફ કરતાં પહેલાં તેણે જે કંઈ કહેવું હોય તે સાધારણ સભા આગળ કહેવાની તક આપવી જોઈએ. આ અંગે સભાસદને સાધારણ સભાની તારીખથી ૧૪ દિવસ અગાઉ નોટીશ આપવી. જોઈએ. સાધારણ સભાએ પસાર કરેલા આ ઠરાવને સબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની મંજુરી મળેલી હોવી જોઈશે. આવી મંજુરી જો ત્રણ માસમાં ન મળે તો મંડળીએ મંજુરી મળી ગઈ છે તેમ માની ઠરાવનો અમલ કરવો. આ રીતે બરતરફ કરવામાં આવેલા સભાસદ બે વર્ષ સુધી સંબધંકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરી સિવાય આ અથવા કોઈ મંડળીમાં સભાસદ તરીકે દાખલ થઈ શકશે નહિં.

(૪) કોઈ પણ શખ્સ

(૧) મરણ પામવાથી

(૨) ઓછામાં ઓછો ૧ શેર ધારણ કરતો બંધ થવાથી.

(૩) પેટા નિયમ ૬ (૧) મુજબ એક મહિનાની નોટિશ આપી છુટો થયેથી.

(૪) પેટા નિયમ ૬ (૨) મુજબ બરતરફ થયેથી.

(૫) જો તે દેવાળિયો અગર કાયદેસર નાલાયક ઠર્યો હોય તો.

(૬) જો તેના નૈતિક અધ:પતનનો ફોજદારી ગુનો સાબિત થયો હોય તો તે.

વ્યવસ્થાપક સમિતિના ઠરાવથી સભ્યપદેથી કમી થશે.

(૫) જે તે વર્ષના તુરતના અગાઉના વર્ષ દરમ્યાન મંડળીમાં ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા વર્ષ દરમ્યાન ૭૦૦ લીટરથી ઓછું દૂધ ભર્યું હશે તો તે બોનસ, ડીવીડન્ડ જેવા આર્થિક લાભો મેળવવા સિવાય મંડળીમાં સભાસદ તરીકેના કોઈપણ હક્ક ભોગવી શકશે નહિં.

પેટા કાયદા કલમ ૭ :-

(૧) દરેક શેરની દર્શનીય કિંમત રૂા. ૧૦/- રહેશે. શેર લેવા માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો નિકાલ વ્યવસ્થાપક સમિતિ કરશે, શેરની કિમંત પુરેપુરી અથવા વ્યવસ્થાપક સમિતિની સભા ઠરાવે તે હપ્તાથી ભરવી જોઈએ.

(૨) દરેક સભાસદને તેના શેર અગર શેરો સારૂ જુદા જુદા નંબરનું શેર સર્ટિફિકેટ આપવામાં આવશે જો કોઈપણ સભાસદને તેણે ધારણ કરેલા શેર અથવા શેરનો હપ્તો મુકરર કરેલી તારીખથી ૧૦ દિવસમાં ભરવાનું ચૂકશે તો શેર અથવા શેરની બાબતમાં આવી ચુક કરવામાં આવી હશે તે શેર અથવા શેરો વ્યવસ્થાપક સમિતિની મુનસફી મુજબ જપ્ત થઈ શકશે અને તે શેર અથવા શેરોની રકમ મંડળીના રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે પરંતુ આવી રીતે જપ્ત કરવામાં આવે તે પહેલાં ૧૬ દિવસ અગાઉ ચુક કરનાર સભાસદને લેખિત નોટિશ આપવામાં આવશે.

(૩) સભાસદ એક વરસ સુધી શેર ધારણ કર્યા બાદ વ્યવસ્થાપક સમિતિની સંમતિથી બીજા સભાસદોને મોંબદલો કરી શકશે. મોંબદલો રાખનારનું નામ શેર ટ્રાન્સફર રજીસ્ટરમાં નોંધવામાં આવે નહિ અને શેર દીઠ **૨૫ પૈસાની** ફી આપવામાં આવે નહિ ત્યાં સુધી મોંબદલો પૂરો થયેલો ગણાશે નહિં.

+2 ને 3 ને 4 ને 21

(૪) જો કોઈ સભાસદે મંડળીના હિતનું નુકશાન કર્યું હશે તથા જે મંડળીના પેટા નિયમો અથવા વ્યવસ્થાપક સમિતિના ઠરાવોનું જાણીબુઝીને વારંવાર ઉલ્લંઘન કરતો માલુમ પડેલો હશે તેને આ કામે બોલાવવામાં આવેલ સાધારણ સભાના હાજર સભ્યોની $\frac{3}{4}$ બહુમતીથી દુર કરી શકાશે પરંતુ આવું કરવા ધારેલા ઠરાવ સામે પોતાનું કહેવું રજુ કરવા આવા સભાસદને પુરતી તક આપેલી હોવી જોઈએ. અને ઠરાવના અમલ માટે સંબધકર્તા રજીસ્ટ્રારશ્રીની મંજુરી મેળવવાની રહેશે. ઠરાવ મંજુર કે ના મંજુર થવાની ખબર ખાતામાં ઠરાવ મોકલ્યાની તારીખથી ત્રણ માસની અંદર ન મળે તો તે સમય પછી ઠરાવનો અમલ થઈ શકશે.

આવા દૂર કરવામાં આવેલ સભાસદોને ખાતાની મંજુરી સિવાય બે વર્ષની અંદર આ મંડળી કે આવાજ પ્રકારની બીજી મંડળીમાં ફરી દાખલ કરી શકાશે નહિં.

આ સભાસદે ધારણ કરેલા તમામ શેરો સાધારણ સભાએ ઠરાવ્યું હશે તો જપ્ત થઈ શકશે. જપ્ત કરેલ શેરની કપાત રકમ અનામત ભંડોળ ખાતે લઈ જવામાં આવશે.

(૫) કોઈપણ સભાસદ પોતાના નામે એક વરસ સુધી શેર ધારણ કર્યા ફછી ત્રણ મહિના અગાઉ નોટીશ આપેથી પેટા કાયદા ૭ (૩) ને આધીન રહીને પોતાના શેરની રકમ પાછી મેળવવાને હકદાર રહેશે, પરંતુ આવી પરત કરવાની શેરની એકંદર રકમ ગઈ તારીખ ૩૧ મી માર્ચના સરવૈયામાં નીકળતા શેર ભંડોળના $\frac{1}{10}$ કરતાં વધુ રહેશે નહિં.

(૬) સભાસદની જવાબદારી તેણે ધારણ કરેલા શેરની બાકી રકમ કરતાં વધુ રહેશે નહિં અને તેને માટે તે અથવા તેની મિલ્કત જવાબદાર ગણાશે.

(અ) કોઈપણ સભાસદ વસુલ આવેલા શેર ભંડોળ $\frac{1}{5}$ કરતા વધુ શેરો ધારણ કરી શકશે નહિં.

(૭) મંડળીનો કોઈપણ સભાસદ પોતાના હાથે લખેલો દાખલો મંડળીમાં અનામત રાખવી મંડળીના નોકર અગર અમલદાર સિવાયનો કોઈપણ માણસ જેને તેના મરણ પછી તેને તમામ હક્ક અગર કોઈપણ ભાગ આપવામાં આવે તેવાને નીમી શકશે. આવી નિમણુંક નોંધવા સારૂ અથવા ત્યારબાદ કરવા અગર સુધારવા સારૂ એક રૂપિયાની ફી લેવામાં આવશે અને આવો હક્ક વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલો હોવો જોઈએ.

(૮) મંડળીનો સભાસદ ગમે તે શખ્સને એના મૃત્યુ પછી મંડળીમાં રહેલા એના શેર અને બીજી મિલ્કતના હકદાર તરીકે વારસદાર નીમી શકે છે પરંતુ તેનો અમલ નીચે જણાવેલી શરતોને આધિન રહેશે.

(અ) વારસદારની નિમણુંક કરતા પત્ર ઉપર મરનાર સભાસદે બે સાક્ષીઓની રૂબરૂમાં સહી કરેલી હોવી જોઈએ અને સાથે સાક્ષીઓની પણ સહી કરાવેલી હોવી જોઈએ.

(બ) આ રીતે વારસ તરીકે નીમેલા શખ્સને સભાસદ તરીકે દાખલ કરે પછી તેને ઉપરના હક્ક પ્રાપ્ત થશે. વારસની નિમણુંક કરતો પત્ર નોંધાવવા માટે એક રૂપિયો ફી લેવામાં આવશે અને તે પછી ફેરફાર અથવા તેને રદ કરવા માટે તે વખતે પણ એક રૂપિયો ફી લેવામાં આવશે.

ઠરાવ કે મુકરર

TRICT REGISTRAR WA-DANGS

(૯) જો કોઈપણ સભાસદ મરણ પામેથી તેને ખાતે શેરની અથવા બીજી જમા રકમ તેની પાસે લેણી નીકળતી રકમ હશે તો તે કાપી લઈ તેણે નીમેલા વારસને અથવા જો તેવી નિમણુંક કરવામાં આવી હશે નહિ તો મરણ પામેલા સભાસદના વારસ અથવા કાયદેસર પ્રતિનિધી તરીકે તે રકમ મેળવવાનો હક્ક વ્યવસ્થાપક સમિતિને જણાશે તેને મંડળીને જામીનગીરી પત્ર લખી આપવાથી આપવામાં આવશે.

જો કોઈપણ મરનાર સભાસદે પેટા કાયદા ૭ (૭) માં જણાવ્યા પ્રમાણે વારસદારને નીમ્યો ન હોય અને જો મંડળીને લાગે કે અમુક શખ્સ મરનારનો ખરેખર વારસ અથવા કાયદેસર પ્રતિનિધિ છે તો તેને મંડળીના મરનાર સભાસદના શેર વગેરે મિલ્કત લેવાનો અધિકાર છે. પરંતુ મંડળીની વ્યવસ્થાપક સમિતિએ તેવા વારસદારને અથવા કાયદેસર પ્રતિનિધિને સભાસદ તરીકે દાખલ કરવો જોઈએ.

(૧૦) જો મંડળી વ્યવસ્થાપક સમિતિ પેટા કાયદા કલમ ૭ (૭) અને ૭ (૮) માં જણાવ્યા મુજબ વારસદારને સભાસદ તરીકે દાખલ ન કરે તો મંડળીમાંના મરણ પામેલા સભાસદને નામે જે શેર અને બીજી મિલ્કત જમા હોય તેમાંથી જે રકમ મરનાર સભાસદ પાસેથી લ્હેણી નીકળતી હશે તે કાપી લઈને પેટા કલમ ૭ (૭) અથવા ૭ (૮) મુજબના વારસ અથવા કાયદેસરના પ્રતિનિધિને જરૂરી જામીનગીરી પત્ર લખાવી લઈને મંડળી બાકીની રકમ પરત કરી શકશે. મુદતબાંધી થાપણ તો મુદત પુરી થયા પછી જ ઉપાડી શકાશે.

પેટા કાયદા કલમ ૮. સાધારણ સભાઓ :-

(૧) મંડળીની પ્રથમ સાધારણ સભાને વાર્ષિક સાધારણ સભાને સત્તા આપવામાં આવી છે તે તમામ સત્તા રહેશે.

(૨) વાર્ષિક સાધારણ સભા મંડળીનું સહકારી વર્ષ પુરૂં થયા બાદ ત્રણ મહિનામાં બોલવવામાં આવશે.

(૩) મંત્રીએ સાધારણ અને વ્યવસ્થાપક સમિતિની સભાઓ પ્રમુખની સમંતિ મેળવી બોલાવવી અને તેમાં હાજર રહેવું. મંત્રીની ગેરહાજરીમાં આવી સભાઓ ઠરાવેલી મુદતની અંદર બોલવવાની ફરજ પ્રમુખની રહેશે.

(૪) વાર્ષિક સાધારણ સભાનાં કામો નીચે પ્રમાણે રહેશે.

(૧) વરસના ઉપર અને ખર્ચ, પુંજી અને દેવું તથા નફો અને નુકશાન બતાવનારા પત્રકો સહિત ગયા વરસના મંડળીના કામકાજનો રિપોર્ટ કમિટિ પાસેથી મેળવી લેવો.

(૨) આવતા વર્ષ સારૂ **"બેલેટ પદ્ધતિથી ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિના સભ્યોના નામ જાહેર કરવા"**

નોંધ :- પ્રથમ સાધારણ સભાને અને જે મંડળીએ ચૂંટણીના નિયમો સ્વીકાર્યા નથી તેને આ નિયમ લાગુ પડશે નહિ અને વ્યવસ્થાપક સમિતિ સાધારણ સભામાં ચૂંટી કાઢવામાં આવશે.

(૩) આવતા વરસમાં મંડળીના હિસાબ તપાસવા માટે આંતરિક ઓડિટરની નિમણુંક કરવી.

(૪) હિસાબ તપાસણીની યાદી અને રજીસ્ટ્રાર સાહેબ તરફથી આવેલ બીજા કોઈપણ લખાણ ઉપર વિચાર કરવો.

(૫) પેટા નિયમ ૪ (૩) મુજબ ઉભા કરવાના ભંડોળની રકમ મુકરર કરવી.

(૬) દૂધ એકઠું કરવાનો, લઈ જવાનો વિચાર કરવો અને તેની વ્યવસ્થા બાબત ઠરાવ પસાર કરવો.

(૭) સભાસદોનું દૂધના વેચાણની ઉપજેલી કિંમત ઉપર મંડળીએ લેવાની (આડત) હકસાઈ મુકરર કરવી અથવા મંડળી સભાસદો પાસેની દૂધ કયા ભાવે લેશે અને વેચશે તે મુકરર કરવા.

(૮) દૂધનું પેમેન્ટ તેમજ અન્ય રકમો નિયમિત રીતે ચૂકવવામાં આવી છે કે નહિ તેની ખાત્રી કરવી.

(૯) કાયદા કાનુનની જોગવાઈ અનુસાર બીજા કામો કરી શકાશે.

(૧૦) બીજું કોઈપણ કામ યોગ્ય રીતે રજુ કરવામાં આવે તેનો નિકાલ કરવો. સાધારણ સભામાં થયેલા કામકાજની નોંધ ઠરાવ લખવાની નોંધની ચોપડીમાં લખવામાં આવશે.

(૫) વ્યવસ્થાપક સમિતિની બહુમતીથી અથવા સભાસદોના એક પંચમાંશ અથવા રજિસ્ટ્રાર સાહેબના હુકમથી અથવા વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સૂચના મળ્યા પછી પંદર દિવસની અંદર ખાસ સાધારણ સભા બોલાવવી એ પ્રમુખની ફરજ છે.

(૬) વાર્ષિક સાધારણ સભાની બાબતમાં ૧૪ દિવસની નોટિશ અને ખાસ સાધારણ સભાની બાબતમાં ૧૦ દિવસની નોટીશ, મંડળીના મકાનની બહાર સગવડ પડતી બીજી કોઈ જાહેર જગા ઉપર લેખિત નોટીશ પ્રસિદ્ધ કરીને આપવામાં આવશે. નોટીશમાં સભા બોલાવવા સારૂ ઠરાવેલી તારીખ, સમય અને સ્થળ બતાવવામાં આવશે અને સભામાં કરવાનાં કામની યાદી જણાવવામાં આવશે.

(૭) સાધારણ સભામાં હાજર રહેલા સભાસદો પૈકી ત્રણ ચતુર્થાંશ સભાસદોની પરવાનગીથી સભાની નોટીશમાં નહિ દર્શાવેલી બાબત સંબંધી દરખાસ્ત હરકોઈ સભાસદ રજુ કરી શકશે, પરંતુ તે આવી રીતે બીજા સભાસદને કાઢી મુકવાની અગર પેટા-કાયદામાં અગર કર્જ કે થાપણના વ્યાજના દરમાં ફેરફાર કરવાની દરખાસ્ત મુકી શકશે નહિ.

(૮) સભાસદોની એકંદરે સંખ્યાના બે પંચમાંશ અગર ૨૫ (પૈકી જે કમી હોય) તેટલાનું સાધારણ સભા સારૂ કોરમ (કામ કરવા સારૂં જરૂરી પુરતી હાજરી) ગણાશે. જો સભાને દિવસે કોરમ થયું ન હોય તો સભા સાત દિવસ માટે મુલતવી રખાશે જે દિવસે ઉપર સભા મુલતવી રાખી હોય તો તે દિવસ પણ જો કોરમ ન થાય તો "કોરમ" સિવાય કામનો નિકાલ કરવામાં આવશે. મુલતવી રહેલી સભાની નોટિશ મંડળીના મકાન બહાર પ્રસિદ્ધ કરવામાં આવશે જેમાં તારીખ સ્થળ અને સમય બતાવવામાં આવશે. સાધારણ સભાના દિવસે તમામ કામ પુરૂં ન થાય તો બાકી રહેલું કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખી શકશે.

(૯) તમામ સાધારણ સભાઓમાં હાજર સભાસદો પોતાનામાંથી સભાના પ્રમુખ ચૂંટી શકશે.

(૧૦) વર્ષ દરમ્યાન જે સભાસદે મંડળીમાં નિયમિત દૂધ ભર્યું હશે (વર્ષ દરમ્યાન ૧૮૦ દિવસ અથવા ૭૦૦ લીટર દૂધ ભર્યું હશે) તેજ સાધારણ સભામાં તે વર્ષ માટે એક મત આપી શકશે, સભાનાં પ્રમુખ પોતાના સાધારણ મત ઉપરાંત જ્યારે સરખા મત થાય ત્યારે એક વિશેષ મત આપી શકશે.

+ચોરસ કે ચોકડી

(૧૧) વાર્ષિક સાધારણ સભામાં પસાર થયેલા કોઈપણ ઠરાવમાં અગર દરખાસ્ત અગર ચર્ચા ત્યાર પછીના ૬ મહિનામાં થનારી કોઈપણ સાધારણ સભામાં લાવી શકશે નહિ પરંતુ જો મંડળીની વ્યવસ્થાપક સમિતિના કુલ સભાસદો $\frac{2}{3}$ જેટલા સભાસદોને એવો અભિપ્રાય હોય અને જેની સાથે રજીસ્ટ્રારશ્રી સંમત થતા હોય કે મંડળીના હિતમાં એવા પસાર કરવામાં આવેલા ઠરાવ રદ કરવા જેવા અગર સુધારવા જેવા છે, તો વ્યવસ્થાપક સમિતિના સભાસદો ૬ મહિનાની અંદર પણ તે કાર્ય માટે એક ખાસ સાધારણ સભા બોલાવી શકશે.

પેટા કાયદા કલમ ૯. વ્યવસ્થાપક સમિતિ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમ ૯ (૨) અને ૯ (૩) માં જણાવેલ પ્રતિનિધિ સહિત ~~૧૧ સભ્યોની બનશે. જે પૈકી નવ સભ્યો ચૂંટાયેલા હશે. ચૂંટાયેલા સભ્યો દર ૩ (ત્રણ) વર્ષે બધા સભ્યો છુટા થશે~~ જેઓ ફરીથી ચૂંટાવાને પાત્ર રહેશે. અડધા કરતાં વધુ સભાસદોનું કોરમ બનશે. વ્યવસ્થાપક સમિતિ દર વર્ષે વાર્ષિક સાધારણ સભાની તારીખ પછી પંદર દિવસમાં પોતાનો પ્રમુખ ચુંટી કાઢશે, જ્યારે તે હાજર હોય તે સમિતિની તમામ સભાઓમાં પ્રમુખસ્થાન લેશે જ્યારે તે ગેરહાજર હોય ત્યારે હાજર સભાસદો પોતાના પૈકી એકને પ્રમુખ ચુંટશે. દરેક સમિતિના સભાસદોને એકમત આપવાનો હક્ક છે. પણ પ્રમુખને એક વિશેષ મત જ્યારે સરખા મત થાય ત્યારે આપવાનો હક્ક છે. વ્યવસ્થાપક સમિતિ ૧૨ સભ્યોની બનશે મુળે પધુમાં પધુ ૨૧ સભ્યોની બનશે. જેની મુદત પાંચ વર્ષની રહેશે.

(અ) ૯ કમિટિ સભ્યો પૈકી ૧ અનુસુચિતજાતિ અને ૧ સીમાન્ત/અગર ખેતમજુર માટે અનામત રહેશે. નાના જોઈએ

(બ) ૯ કમિટિ સભ્યો પૈકી ત્રણ જગ્યા બહેનો માટે અનામત રહેશે. +૨૫૨૨ કે મુકવા

(ક) મુદત વીતી બાકીદાર વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ચૂંટાવાને અથવા ચાલુ રહેવાને પાત્ર રહેશે નહિ.

(ખ) જો તેણે સભાસદ થયા પછી પોતાના ત્યાં ઉત્પન્ન થતું દૂધ અથવા મંડળી મારફતે ગાય અગર ભેંસ ખરીદવા માટે લોન મેળવ્યા બાદ છ માસમાં ગાય અગર ભેંસની ખરીદી કરી હશે નહિ અગર તો ગાય અગર ભેંસ ખરીદ્યા બાદ જે તે સહકારી વર્ષ દરમ્યાન ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા ૭૦૦ લીટરથી ઓછું દૂધ મંડળીમાં ભર્યું હશે તે મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં ચૂંટાવાને લાયક ગણાશે નહિં, અને જો ચુંટાયો હશે તો તે ચાલુ રહેવા પાત્ર ગણાશે નહિં.

(૨) મંડળીએ જિલ્લા સહકારી બેંક મારફતે અગર સીધો સરકારશ્રીનો શેરફાળો લીધો હશે તો મંડળીની વ્યવસ્થાપક સમિતિએ ઉપર જિલ્લા સહકારી બેંકનો કે સરકારશ્રીનો પ્રતિનિધિ રહેશે.

(૩) મંડળીએ જો વલસાડ જિલ્લા સહકારા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે સંયોજિત થઈ હશે તો વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો એક વધારાનો પ્રતિનિધિ મંડળીની વ્યવસ્થાપક સમિતિ ઉપર રહેશે.

(૪) પેટા-નિયમ અને સાધારણ સભામાં પસાર કરેલા ઠરાવોને પાત્ર રહીને વ્યવસ્થાપક સમિતિ મંડળીનું કામકાજ ચલાવવાની પુરેપુરી સત્તા ભોગવશે. તે કામકાજનો નિકાલ કરવાને વારંવાર મળશે, પણ વ્યવસ્થાપક સમિતિએ દર મહિને ઓછામાં ઓછા એકવાર મળવું જ જોઈએ.

(૫) મરણ અથવા બીજા કોઈ કારણસર વ્યવસ્થાપક સમિતિમાં ખાલી પડેલી જગ્યાઓ ત્યાર પછીની વાર્ષિક સાધારણ સભામાં ભરવામાં આવશે. સાધારણ સભા સુધીની મુદત માટે વ્યવસ્થાપક સમિતિ કો. ઓપ્શનથી પુરશે.

+૨૫૨૨ કે મુકવા

(૬) (અ) વ્યવસ્થાપક સમિતિની સભામાં કોઈ સભાસદ ગેરહાજર રહેવા માટે મંજુરી મેળવ્યા સિવાય લાગલગાટ ૩ વખત ગેરહાજર રહ્યો હશે તો તે વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે આપોઆપ બંધ થયેલો ગણાશે અને તેની જગ્યા બીજી વાર્ષિક સભા મળે ત્યાં સુધી સમિતિ 'કો. ઓપ્શનથી' પુરી શકશે.

(૭) સેક્રેટરી સમિતિના ઠરાવથી નોંધની અને સાધારણ સભાના ઠારવની નોંધની જુદીજુદી ચોપડીઓ રાખશે. જેમાં હાજર રહેલા સભાસદોના નામ તથા દરેક સભામાં થયેલા કામની નોંધ નોંધવામાં આવશે. સાધારણ સભાની ઠરાવ બુક સભાસદોની તપાસને સારૂં ખુલ્લી રહેશે.

(૮) કોઈપણ સભાસદ જે બાબતમાં તેને અંગત હિત હોય તેવી બાબતની ચર્ચામાં અથવા કામકાજમાં હાજર રહેશે નહિ અથવા મત આપશે નહિં.

(૯) મંડળીના વહિવટમાં ગેરવ્યવસ્થા થાય એમ રજીસ્ટ્રારશ્રીને લાગે તો તેઓ મંડળીની વ્યવસ્થાપક સમિતિ અને જનરલ સભાની સત્તાઓને રદ કરીને તે સત્તાઓ તેમને યોગ્ય લાગે તેટલા શખ્શો નીમીને તેમને વધુમાં વધુ ૪ વર્ષ માટે સોંપી શકશે અને તે મુદત દરમ્યાન મંડળીના તમામ હોદ્દેદારો કામ કરતાં બંધ થશે.

(૧૦) "આ મંડળી કે અન્ય કોઈ પણ મંડળીનો બાકીદાર આ મંડળીમાં વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં તેમજ ચુંટણીમાં ભાગ લઈ શકશે નહિં."

આ પેટા નિયમ અર્થે બાકીદારની વ્યાખ નીચે મુજબ રહેશે.

(૧) જે મંડળીઓ ધિરાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે, તે મંડળીઓનો કોઈપણ વ્યક્તિગત સભ્ય કે જેની પાસે મંડળીની લેણી નીકળતી રકમ મુદતવીતી થયેલ હોય.

(૨) જે મંડળી ધિરાણ સિવાયની પ્રવૃત્તિમાં કાર્યરત હોય અને મંડળી પોતે અન્ય મંડળીની મુદતવીતી બાકીદાર હોય તો તેવી મંડળીનાં તમામ સભ્યો.

પેટા કાયદા કલમ ૧૦. વ્યવસ્થાપક સમિતિની ફરજો :-

વ્યવસ્થાપક સમિતિની ફરજો નીચે પ્રમાણે રહેશે.

(૧) વ્યવસ્થાપક સમિતિ કે કોઈ અમલદાર અથવા મંડળીના કોઈપણ નોકર અથવા મંડળીના પ્રમુખ પોતાના હોદ્દાને માટે લાયકાત ન ધરાવતા હોય અને તેમની ચૂંટણી કે નિમણુંક ખામી ભરેલી હોય તેથી કોઈ વ્યવસ્થાપક સમિતિએ, અમલદાર કે મંડળીના નોકરે અથવા મંડળીના પ્રમુખે કરેલું કામકાજ રદબાતલ ગણાશે નહિં. પરંતુ તેઓમાં પોતાના હોદ્દાને માટે લાયકાત હતી અને તેમની ચુંટણી કે નિમણુંક ખામી ભરેલી ન હતી એમ માની તેઓએ કરેલા હુકમો યા કરેલું કામકાજ નિયમસર કરવામાં આવ્યા હતા એમ ગણાશે.

(૨) નવા સભ્યો દાખલ કરવા.

(૩) દૂઝણાં ઢોર ખરીદ કરવા અને તેમનું પાલન પોષણ કરવા સારૂં સભાસદોને કરજ ધીરવું અને મુદતસર વસુલ લેવું.

(૪) જો જરૂર જણાય તો ઢોરની કહોડો અને બીજા મકાનો બાંધવા અથવા ભાડે રાખવા વ્યવસ્થા કરવી.

(૫) જો જરૂર જણાય તો મંડળીના નોકરની દેખરેખ નીચે સભાસદના ઢોર દોહડાવવાની વ્યવસ્થા કરવી.

(૬) સભાસદોનાં ઢોરને બરોબર ખવડાવવા અને ઘરમાં (છાપરામાં) રાખવામાં આવે છે કે નહિ તે જોવું.

(૭) દૂધ વેચાણ અંગેની તમામ વ્યવસ્થા વલસાડ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મારફત કરવી, સંઘની સુચનાઓનો અમલ કરવો. ૧૨૯૨૧ કે ૭૬૦૨૧

(૮) સભાસદનું પ્રત્યેક ઢોર કેટલું દૂધ આપે છે તે નોંધવા સારૂં અને તેમના દૂધના ગુણવત્તાની જાત નક્કી કરવા સારૂ (યંત્ર મૂકી) કરેલી તપાસના પરિણામ નોંધવા સારૂં એક દૂધનું પત્રક રાખવાની અને તેની તપાસ રાખવાની વ્યવસ્થા કરવી.

(૯) સભાસદોને પોતાના ઢોરને ખવડાવવા સારૂં જોઈતી ખોરાકની ચીજો આડતથી એક જથ્થે ખરીદ કરવા સારૂં વ્યવસ્થા કરવી.

(૧૦) તકરાર સાંભળી નિકાલ કરવો.

(૧૧) હિસાબ, માલ સ્ટોક, વધઘટ પત્રકો વગેરે તપાસી ખાત્રી કરવી અને તે સારૂં પગલા લેવા.

(૧૨) વાર્ષિક હિસાબોનાં પત્રકો તૈયાર કરવાં તેમજ કરાવવાં.

(૧૩) સભાસદ પાસેની મુદતવીતી લ્હેણી રકમની તપાસ કરવી અને તે વસુલ લેવા સારૂં પગલા લેવા.

(૧૪) કરજ ઉભા કરવાં અને થાપણો લેવી.

(૧૫) કાયદેસર દાવા માંડવા, બચાવ કરવો અને સમાધાન કરવું.

(૧૬) સેક્રેટરી સહીત મંડળીના તમામ પગારદાર નોકરો નિમવા, તેઓની લાયકાત, પગારનું ધોરણ વગેરે નક્કી કરવું. તેઓના રાજીનામાં સ્વીકારવાં અને તેઓને નોકરીના છ મહિના પૂરા થયેથી જો તેમનું કામ સંતોષકારક લાગે તો તેમને કાયમ કરવા અને સંતોષકારક ન લાગે તો સસ્પેન્ડ (થોડો વખત નોકરી પરથી દુર) કરવા, શિક્ષા કરવી અથવા બરતરફ, સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરીથી કરવા, પગારદાર નોકરોની લાયકાત પ્રમાણે જામીનો લઈ જામીનખત ભરાવી લેવા અને તે સહીસલામત રાખવા.

(૧૭) પેટાનિયમ ૮ (૪) (૨) મુજબ ચૂંટણીના નિયમો જે પરિશિષ્ઠ ૧ મુજબ મંજુર થયેલા હશે અગર તો મંજુર કરવાના હશે તે તથા પગારદાર નોકરોની લાયકાત વિગેરેનું ધોરણ અંગેના તેમજ વહીવટી કામકાજ માટે નિયમો જે સાધારણ સભાએ વખતોવખત ઘડી કાઢયા હશે અને સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓએ મંજુર કરેલા હશે તે મુજબ અમલ કરવો.

(૧૮) સાધારણ રીતે મંડળીનું કામકાજ ચલાવવું, હાથ ઉપર સીલક વધુમાં વધુ રૂા. ૨૦૦૦/- થી વધુ રહે નહીં તેની તકેદારી રાખવી.

(૧૯) જે બાબતોમાં સાધારણ સભાએ અપીલ સાંભળવાનો હક્ક આપ્યો હશે, તેમાં જ ફક્ત વ્યવસ્થાપક કમિટિના ઠરાવ ઉપર સાધારણ સભામાં અપીલ થઈ શકશે.

(૨૦) પેટા નિયમ ૮ (૪) (૩) મુજબ નીમાયેલા હિસાબ તપાસનાર અમલદારોની ફરજ ઓછામાં ઓછા દર ત્રણ મહિને મંડળીના હિસાબ અને દસ્તાવેજો તપાસવાની છે અને વ્યવસ્થાકીય સમિતિની ફરજ તેઓની તપાસ સારૂં તમામ જરૂરી ચોપડા કે જરૂરી કાગળો રજુ કરવાની છે.

ચેરમેન કે મુકદમ

(૨૧) સભાસદ પોતાના જીદ્દીપણે દૂધમાં ભેળસેળ કરતો હશે તો તેને જરૂરી લેખિત જાણ કરી વ્યવસ્થાપક સમિતિમાં સાંભળવાની તક આપ્યા બાદ સમિતિને જો યોગ્ય લાગે તેવા સભાસદને દંડ કરી શકશે.

(૨૨) જ્યારે મંડળીને માલ ખરીદવા, વેપારીઓને ઉધારેલ માલ વેચવાનું જોખમ લેવું પડતું હોય ત્યારે વિશ્વાસપાત્ર હવાલો અને વેપારીઓ જેમની મારફત મંડળીનો માલ વેચવાનો હોય તેમના નામની યાદી તૈયાર કરવી તથા તેમને ઉધાર માલ આપવાના હોય તેની મર્યાદા અને મુદત નક્કી કરવા તેમજ તેમની પાસેથી જરૂરી ખત નિયમાનુસાર કરાવવાના રહેશે. અને તેમને નોમીનલ સભાસદ તરીકે રૂા. ૫/- દાખલ ફી લઈ દાખલ કરવાના રહેશે. આ સભ્યોને મતાધિકાર તેમજ વહીવટ બાબતનો કોઈ અધિકાર રહેશે નહીં. નોમીનલ સભાસદ ફક્ત મંડળીના હિસાબી વર્ષ પુરતાં જ ગણાશે.

પેટા કાયદા કલમ ૧૧. સેક્રેટરીની ફરજો :-

(૧) સેક્રેટરી, જેની ફરજો નીચે પ્રમાણે છે તેના ઉપર વ્યવસ્થાપક કમિટિ દેખરેખ રાખશે.

(૨) મંડળીનો પત્રવ્યવહાર કરવો ને મંડળીના તમામ ચોપડા હિસાબ અને પત્રકો વ્યવસ્થિત, સહીસલામત રાખવા.

(૩) મંડળી ઢોરના (કોહોડમાં) છાપરામાં સ્વચ્છતા રાખવી, સભાસદોના ઢોરનું દૂધ બરાબર રીતે દોહવામાં અને હાથ ધરવામાં આવે તે અંગે દેખરખ રાખવી. સમિતિના હુકમનો અમલ કરવો. મંડળીનું લ્હેણું વસુલ કરવું અને પહોંચ તથા "વાઉચર" તૈયાર કરવાં.

(૪) વ્યવસ્થાપક સમિતિના હુકમ પ્રમાણે મંડળી તરફથી નાણાંની આપ લે કરવી.

(૫) વ્યવસ્થાપક સમિતિએ તેને સોંપેલા બીજા તમામ કામ ઉપર લક્ષ આપવું.

(૬) મંડળી વતી કરી આપવાના તમામ દસ્તાવેજો, પહોંચ, શેર સર્ટિફિકેટો અને બેન્ક સાથેની લેવડ-દેવડ વગેરે ઉપર મંડળી વતી સેક્રેટરી તથા તે ઉપરાંત પ્રમુખ અગર તો વ્યવસ્થાપક સમિતિ જેને અધિકાર આપશે તે એક અથવા વધુ સભાસદ સહી કરશે.

(૭) ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કલમ ૮૫ની જોગવાઈ મુજબ હિસાબ તપાસણીના નિવેદનની તારીખથી ત્રણ મહિનામા હિસાબ તપાસનીશે જણાવેલ ખામીઓ અથવા નિયમ બાહ્યતા દૂર કરવા માટે અને જે તે અધિકારીઓને તેની જાણ કરવાની જવાબદારી મંડળીના મંત્રીની રહેશે. મંડળીના મંત્રીએ હિસાબ તપાસણીની યાદી વ્યવસ્થાપક સમિતિની આગળ વિના વિલંબે રજુ કરવી અને ખામીઓની દુરસ્તી કરવી અને દુરસ્તી રિપોર્ટ વ્યવસ્થાપક સમિતિમાં મંજુર કરાવવો.

(૮) વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ કરી જે વ્યક્તિને હાથપર સિલક રાખવાની સત્તા આપી હશે તેની સંપૂર્ણ જવાબદારી હાથપર સિલક અંગેની રહેશે.

પેટા કાયદા કલમ ૧૨. દૂધનું ઉત્પાદન અને વેચાણ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ દૂધ રાખવા માટે એક ઓરડો અથવા એક ડેરી રૂમ નક્કી કરશે. આ ઓરડામાં દૂધને ગાળીને ઠંડુ પાડીને કેનમાં ભરવામાં આવશે અને તે પછી દૂધને મુકરર કરેલા સ્થાને પહોંચતું કરવામાં આવશે.

(૨) મંડળીના પ્રમુખ મંડળીના રોજિંદા કામકાજ ઉપર સામાન્ય દેખરેખ રાખશે.

(૩) મંડળીનું દૂધ પુરૂં પાડનાર દરેક સભાસદને પાસબુક આપવામાં આવશે. અને તેણે દરરોજ તેનો કેટલો માલ પૂરો પાડયો તે જો તેની કરવાની ઈચ્છા હશે તો નોંધ આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૩. થાપણો :-

(૧) પેટા નિયમ ૪ (૩) મુકરર કરેલી હદ સુધી કોઈપણ વખતે થાપણો લઈ શકશે. દરેક થાપણ મુકનારને પાસબુક આપવામાં આવશે જેમાં દર વરસે ૧લી જુલાઈએ વ્યાજ જમા કરવામાં આવશે.

(૨) બાંધી મુદતની થાપણ ઉપર મુદત પુરી થયા બાદ કમિટિએ તે થાપણ બીજી વધુ લાંબી મુદત સારૂં કબુલ રાખી હોય તે સિવાય ચાલુ થાપણના દરે વ્યાજ આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૪. કરજ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ કોઈપણ સભાસદને રોકડ કરજ (ઢોરના) માટે ઘાસ ખરીદ કરવા સારૂ ૯ માસથી વધુ નહિ તેટલી મુદતમાં પાછું ભરવાની શરતે અને દુઝણાં ઢોર ખરીદવા સારૂં ત્રણ વરસથી વધુ નહિ તેટલી મુદતમાં પાછું ભરવાની શરતે ધીરી શકશે કરજ ઉપર વ્યાજનો દર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વ્યાજના દરથી વધુમાં વધુ ત્રણ ટકા સુધી રહેશે. કોઈપણ વખતે કોઈ સભાસદને ધીરેલી કરજોની રકમ રૂા. ૧૦,૦૦૦/- થી વધારે હોવી જોઈએ નહિં. તમામ કરજ માસિક હપ્તાથી ભરી દેવાં પડશે. જે પુરા પાડેલા દૂધનાં હિસાબનો મંડળી પાસે લ્હેણામાં પડતી રકમ સભાસદને આપવાની રકમમાંથી કાપી લેવામાં આવશે ઉધાર આપેલી ખોરાકની ચીજો (દાણ) રોકડ કરજ તરીકે ગણવામાં આવશે.

(૨) મંડળીએ ધીરેલા કરજની એકંદરે રકમના $\frac{૧}{૧૦}$ થી વધારે રકમ કોઈપણ વખતે વ્યવસ્થાપક સમિતિનાં સભાસદોની પાસે કરજે રહેવી જોઈએ નહિં.

(૩) કરજ જે હપ્તેથી વસુલ કરવાના છે તે સમિતિ નક્કી કરશે અને જરૂર પડે ત્યારે એક વર્ષ સુધીની મુદત વધુમાં વધારી શકશે. લ્હેણી થયેલી તારીખથી ૧૪ દિવસની અંદર જે હપ્તાથી રકમ વસુલ આપવામાં ન આવે તેના ઉપર ત્રણ ટકા સુધી વ્યાજ (શિક્ષા) તરીકે લઈ શકાશે.

(૪) સમિતિની મુનસુફી પ્રમાણે દરેક કરજ બે જામીન અને ઢોર અથવા જંગમ મિલ્કત લઈને સલામત કરવામાં આવશે. દરેક સાટુ ખત લખી લેવામાં આવશે. જેમાં વ્યાજનો દર, હપ્તા, તારીખો અને જામીનગીરીનો પ્રકાર જણાવવામાં આવશે.

(૫) મંડળીએ ઢોર ખરીદવા સારૂં આપેલ કરજના ૧૦ ટકા રકમના શેર સભાસદે ધારણ કરવા પડશે.

૨૦

પેટા કાયદા કલમ ૧૫. નફાની વહેંચણી :-

(૧) વાર્ષિક સાધારણ સભામાં ગયા વરસમાં થયેલો કાચો નફો જાહેર કરવામાં આવશે અને નીચે મુજબ કપાત કરવામાં આવશે.

(અ) કરજ અને થાપણો ઉપર આપવાનું વ્યાજ.

(બ) મંડળીના કામકાજનું વ્યાજનું ખર્ચ.

(ક) નુકશાની.

(ડ) મકાન અને બીજી ક્ષીણ થતી મિલ્કતનો ઘસારો.

(ઈ) સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ જો હોય તો તેનો, મંડળીએ આપવાનો ફાળે,

(૨) આ બધી રકમો કપાત થયા પછી બાકી રહેલો ચોખ્ખો નફો ગણાશે.

(૩) ચોખ્ખા નફાના ૨૫ ટકાથી ઓછી નહિ તેટલી રકમ દર વર્ષે અનામત ભંડોળ ખાતે લઈ જવી જોઈશે.

(૪) શેર ધારણ કરનાર દર વરસે સેંકડે શેર ઉપર ૧૫ ટકાથી વધુ નહિ તેટલી રકમ ડીવીડન્ડ તરીકે વહેંચવા માટે તેમજ ગુજરાત રાજ્ય સહકારી સંઘને શિક્ષણ ફંડમાં જો મંડળી ત્રણ ટકા કે તેથી વધુ દરે ડીવીડન્ડ જાહેર કર્યું હશે તો ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૬૯ તથા કાનૂન નં. ૩૧ મુજબ શિક્ષણ ફાળો જુદો કાઢવામાં આવશે, અને આ રકમ જિલ્લા સહકારી સંઘને અદા કરવામાં ન આવે ત્યાં સુધી સભાસદોને ડીવીડન્ડ આપી શકશે નહિં. છતાં અનાદર કરશે તો સંબધકર્તા શખ્સ અંગત જવાબદાર ગણાશે. નફાની વહેંચણીની માહિતી જીલ્લા સહકારી સંઘને મોકલી આપવાની રહેશે.

(૫) મંડળીએ શિક્ષણ ફાળા ખાતે નાણાં જુદા કાઢયા પછી મંડળીના દૂધ વેચાણ કેન્દ્ર તથા દૂધના ઉત્પાદક અંગે જરૂરી રકમ પુરી ન થાય ત્યાં સુધી ૨૫ ૬ મકાન ફંડ ખાતે કાઢયા પછી બાકી રહેલી રકમની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવશે.

૪૦ ટકા સભાસદોએ મંડળી મારફતે વેચેલા દૂધની કિંમતના પ્રમાણમાં વહેંચવા સભાસદ બોનસ ફંડ ખાતે.

૨૫ ટકા શકમંદ અને ખરાબ લ્હેણાં ફંડ ખાતે.

૧૦ ટકા ઢોર સુધારણા સવલત ફંડ ખાતે.

૧૦ ટકા ધર્મદા ફંડ ખાતે.

+૨૫૧૨ ૬ ૫૬૦૨૫

૫ ટકા સ્ટાફ બોનસ ફંડ ખાતે (નોકરોને બોનસ તરીકે) વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તે પ્રમાણસર આપવા પરંતુ આવું બોનસ પ્રત્યેક દાખલામાં એક માસના પગારથી વધારે હોવું જોઈએ નહિ.

૫ ટકા સહકાર પ્રચાર ફંડ ખાતે.

૫ ટકા ડીવીડન્ડલાઈઝેશન ફંડ ખાતે જુદા કાઢવા... ઉપર પ્રમાણે વહેંચણી કરતાં બાકી રહેલી રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવી. ઉપર જણાવેલી નફાની વહેંચણીમાં ફેરફાર કરવાને જરૂર જણાય તો સાધારણ સભા, સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની સંમતિથી વહેંચણીમાં ફેરફાર કરી શકશે.

(૬) ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૬૯માં ફરમાવેલી રકમો ઉપરાંત તમામ દાખલ ફી, દંડ, શેર ટ્રાન્સફર ફી, જપ્ત થયેલી રકમ દંડનીય વ્યાજ અને બક્ષીસની રકમ અનામત ભંડોળ ખાતે લઈ જવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૬. હિસાબ અને દફતરો :-

(૧) હિસાબ અને દફતરો રજીસ્ટ્રાર સાહેબે મુકરર કરેલા નુમનામાં વ્યવસ્થાપક સમિતિને જરૂર લાગે તેવા સુધારા વધારા સાથે રાખવામાં આવશે.

(૨) મંડળીનો હરકોઈ સભાસદ કામકાજના સમય દરમ્યાન તેના પોતાના ધંધાના લેવડ-દેવડ સાથે સંબંધ હોય તે પૈકી કોઈપણ પત્રક તપાસી શકશે.

(૩) મંડળીની રોકડ સિલક, ડેડસ્ટોક અને ઈતર મિલ્કતો કોના તાબામાં રહેશે તે બાબતે મંડળીની વ્યવસ્થાપક સમિતિએ દર વર્ષે નક્કી કરવાનું રહેશે. જ્યાં સુધી આ પ્રમાણે નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી મંડળીની રોકડ સિલક, ડેડસ્ટોક અને ઈતર મિલ્કતો માટે મંડળીના મંત્રી પ્રમુખના હવાલામાં રહેશે અને તેઓ વ્યક્તિગત રીતે તે માટે જવાબદાર રહેશે.

(૪) દર વરસે ૨૫ એપ્રિલ અગાઉ વ્યવસ્થાપક સમિતિ પાછલા ઉપજ અને ખર્ચ, પુંજી અને દેવું તથા નફો અને તોટો બતાવનાર પત્રકો તૈયાર કરશે. આ પત્રકોની એક નકલ સહકારી ઓડિટરને ૩૦મી એપ્રિલ પહેલા પુરી પાડવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૭. પેટા નિયમના સુધારા :-

સ્થાનિક સરકારે કરેલા નિયમોને પાત્ર રહીને પેટા નિયમમાં સુધારો થઈ શકશે પરંતુ તેવાં સુધારાની ખબર સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીને સભાસદો સભા ભરવાના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપેલી હોવી જોઈશે. સુધારા કાયદાની કલમ ૧૩ (૨) મુજબે નોંધવામાં આવે ત્યાર પછી અમલમાં આવશે.

+રેખા કે મકવાણા

૨૨

પેટા કાયદા કલમ ૧૮. અન્ય બાબત.

(૧) મંડળી વલસાડ જિલ્લા સહકારી બેંક લિ. સાથે સંયોજિત થશે.

(૨) મંડળી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. સાથે સંયોજિત થશે. આ સિવાય મંડળી દૂધની કામગીરી કરતાં અન્ય કોઈપણ દૂધ ઉત્પાદક સંઘ સાથે સંયોજિત થઈ શકશે નહિ.

(૩) મંડળી વલસાડ જિલ્લા સહકારી સંઘ સાથે સંયોજિત થઈ શકશે.

(૪) પેટા કાયદાના અર્થ અંગે મતભેદ ઉપસ્થિત થશે તે અંગે કાયદેસર રીતે જે નિર્ણય આવશે તે નિર્ણયાત્મક ગણાશે.

(સહી) (૧) શ્રીમતી સુનાબેન કનૈયાલાલ મુહન્યા (મુખ્ય પ્રયોજક)

(૨) ૫ સલીનાબેન કૌસિકલાલ મુહન્યા

(૩) ૫ રેખાબેન રતિલાલભાઈ મુહન્યા

(૪) ૫ શિલાબેન મુકેશભાઈ મુહન્યા

(૫) ૫ ભારતીબેન મનિલાલભાઈ મુહન્યા

(૬) ૫ સુમિત્રાબેન ગોવિંદભાઈ પવાર

(૭) ૫ પુષ્પાબેન સંજયભાઈ સથરા

(૮) ૫ સવિતાબેન સોમુભાઈ ગાવિત

(૯) ૫ રેખાબેન કરણાભાઈ મુહન્યા

(૧૦) ૫ રંજનબેન ગોવિંદભાઈ માળકી

(૧૧) ૫ અનુરાધાબેન મનેશભાઈ લાખન

તારીખ : 28/9/2024

+ રેખા કે મુહન્યા

અત્રેની કચેરીનાં જા.નં. નઘણ/૦૨/૨૫-૨/
૩૩૫૫...૩૬૨/૨૦૨૬ તા.૧૦/૦૨/૨૦૨૬ થી
પે.નિ. ૧ થી...૨૮.....જરૂરી સુધારાવધારા સહ
મંજુર કરી નોંધણી કરવામાં આવે છે.

સ્થળ : આહવા–ડાંગ ( )
તા. ૧૦ / ૦૨/૨૦૨૬ મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
આહવા–ડાંગ

ડાંગ-આહવા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬



મુદ્રક : જવાહર પ્રિન્ટીંગ પ્રેસ, બજાર-સ્ટ્રીટ ચીખલી, તા.ચીખલી, જિ. નવસારી. મો. ૯૮૨૫૫૮૬૦૮૨

પ્રતિ,

મુખ્ય પ્રયોજકશ્રી,

શ્રીમતિ રમીલાબેન વિનોદભાઈ કુંવર

મુ. (પાટીલપાડા) જામાલા પો.કેશબધ તા.સુબીર, જી-ડાંગ.

મહિલાઓ સંચાલિત પાટીલપાડા (જામાલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ.

મુ. (પાટીલપાડા) જામાલા પો.કેશબધ તા.સુબીર, જી-ડાંગ.

ક્રમાંકઃ-નધણ/૦૧/ખ-૨/૩૮ થી ૪૨/૨૦૨૬.-સવિનય જણાવવાનું કે, આપના તરફ, મહિલાઓ સંચાલિત પાટીલપાડા (જામાલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડના મંજૂર કરેલા પેટા નિયમોની એક નકલ તથા મંડળીનું નોંધણીનું પ્રમાણપત્ર NO.-CSDANSEMILK202603064, DATE- 10/02/2026 આ સાથે સામેલ રાખી મોકલેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશો.

૨. તમારી મંડળીની પહેલી સાધારણ સભામાં હાજરી આપવા અને મંજૂર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે, તે બાબતનો રીપોર્ટ સભામાં થયેલા કામકાજની નોંધની ખરી નકલ મદદનીશ સહકારી અધિકારી મારફત મોકલી આપવા, મદદનીશ સહકારી અધિકારીને ખબર આપવામાં આવેલ છે, તો પહેલી સાધારણ સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયની તેમને જાણ કરશો. જેથી તેઓ સભામાં તે દિવસે હાજરી આપી શકે.

૩. સામાન્ય રીતે પહેલી સાધારણ સભા મંડળી રજીસ્ટર થયા પછી બે માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને વખતનો ઉલ્લેખ તથા સભામાં કરવાનું કામકાજ જણાવવું જોઈએ.

<u>પહેલી સાધારણ સભાનું કામ સામાન્ય રીતે નીચે મુજબ હોઈ શકે.</u>

(૧) મંજૂર કરેલા પેટા નિયમો સ્વીકારી માન્ય કરવાનું.

(૨) સભાના અધ્યક્ષની નિયણૂંક.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલ તમામ લેવડ-દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજૂ કરી મંજૂર કરાવવું

(૫) પેટા નિયમ અનુસાર વ્યવસ્થાપક સમિતિ (કમિટિ)ની ચૂંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક સમિતિ જે હદ સુધી ભંડોળ ઉભુ કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધીન રહીને યોગ્ય રીતે રજૂ થયેલું બીજુ કામકાજ.

૪. આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજૂર કરવામાં આવ્યા છે. જે સાધારણ સભામાં માન્ય કરવા જોઈએ.

ડાંગ-આહવા તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૨૬

SO281

દૂધ ઉત્પાદક સહકારી મંડળી લીમીટેડના

પેટા કાયદા

મંડળીનું નામ : મહિલાઓ સંચાલિત પારીલખાડા (જામાલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.

ગામ : જામાલા તા : મુનીર

નોંધણી નંબર : નોંધણી તારીખ :

વસુધારા

વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

''વસુધારા ડેરી'' ને. હા. નં. ૪૮, મુ. આલીપુર. ૩૯૬ ૪૦૯
તા. ચીખલી, જિ. નવસારી. (ગુજરાત)

૧

:: મંડળીની નોંધણીની દરખાસ્ત ::

૧. સુચિત મંડળીનું નામ :- મહિલાઓ સંચાલિત માટીમપાડા (આહવા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ

૨. સુચિત મંડળીનું સરનામું :- મુ. આહવા પેટલ ફળિયું, પો. ઈશ્વરબંધ તા. સુબીર, જિ. ડાંગ, પિન. ૩૯૪૭૨૬

(૧) અમો નીચે સહી કરનારાઓનાં નામ અને સરનામાં આ સાથે આપેલ છે. અમો સહકારી મંડળી લિમિટેડ/અનલિમિટેડ રચવા વિચારીએ છીએ અને તે માટે સહકારી મંડળીના કાયદાની કલમ ૮ (૧) નીચે ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧ ની કલમ "૯" હેઠળ મંડળીની રચના કરવા માટે આ સાથે અરજી કરીએ છીએ તેમજ આ સાથે સુચિત મંડળીની દરખાસ્તની ચાર નકલો અમારી સમંતિ અને સહીઓ સાથે સામેલ કરીએ છીએ.

ASSISTANT DISTRICT REGISTRAR * U.S.AHWA-DANGS *

૩. સુચિત મંડળી લિમિટેડ છે કે અનલિમિટેડ, જો લિમિટેડ હોય તો કેટલી હદ સુધી ? લિમીટેડ

૪. મંડળીનું કાર્યક્ષેત્ર :- ફક્ત ગામ પુરતુ જ માટીમપાડા (આહવા)

૫. મંડળીના ઉદ્દેશો :- જેટલા કાયદા ૩ કલમ મુજબ

આર. બી. ઠુંબડ

મુખ્ય પ્રયોજકની સહી

૬.	પ્રયોજકો એક જ કુટુંબના છે કે, જુદા જુદા કુટુંબના ?	જુદા - જુદા
	નીચેના સગપણો પૈકી કોઈપણ સગપણ ધરાવે છે કે કેમ ?	ના
	પત્ની, પતિ, બાપ, મા, ભાઈ, બેન, બનેવી, દાદા, દાદી, સાવકા બાપ, સાવકી મા, છોકરો, છોકરી, સાવકો છોકરો, સાવકી છોકરી, પૌત્ર, પૌત્રી, દૂધભાઈ, દૂધબેન, સાળા, સાળી.	લાગુ નથી
૭.	જો શેર દ્વારા ભંડોળ ઉભું કરવાનું હોય તો કેટલા શેર બહાર પાડવાના છે. અને દરેક શેરની કિંમત શી રહેશે, તેમજ અત્યાર સુધી જે લોકોએ શેર ખરીદ્યા હોય તેની શેર ખરીદ કર્યા અંગેની સંખ્યા સાથેની યાદી.	30,000 ₹ ૧૦૦ ₹ યાદી સામેલ છે
૮.	કેટલું શેર ભંડોળ એકત્ર કર્યું છે અને કેટલા બેંકમાં જમા કરાવ્યા છે. તેની વિગત તથા બેંકમાં ભંડોળ જમા કરાવ્યા અંગેની પાવતી.	2020 ₹ યાદી સામેલ છે
૯.	સમવાય બાબતમાં જ્યાં સભ્ય તરીકે મંડળી, કંપની વિગેરે હોય તેવા કિસ્સામાં જે સભાસદે મંડળી અથવા કંપની વતી સહી કરી હોય તેમની બાબતમાં નીચેની માહિતી હોવી જોઈએ.	લાગુ નથી
	(૧) તે વ્યસ્થાપક કમિટિનો સભ્ય છે કે નહિ "જો પેઢી હોય તો તે પેઢીનો ભાગીદાર છે કે નહી" ?	લાગુ નથી
	(૨) ઉપરોક્ત સભાસદને મંડળી/કંપની પેઢી વતી સહી કરવા હક્ક આપતો મેનેજિંગ કમિટિનો ઠરાવ.	લાગુ નથી

આર. એ. કુંવર

૧૦.	અરજી કર્યાની તારીખ સુધીમાં પ્રયોજકોએ કરેલ પ્રાથમિક ખર્ચની વિગત જણાવો અને મંડળી નોંધણી માટે સંભવિત ખર્ચની વિગત જણાવો.	હિસાબની નકલ સામેલ છે.
૧૧.	પત્રવ્યવહાર કરવાની સરળતા રહે તે માટે મુખ્ય પ્રયોજકનું નામ અને સરનામું.	શ્રીમતિ રમીલાબેન વિનોદભાઈ કુંવર મુ. ઝમાલા પો. ઈશ્વરબંધ તા. સુબીર જિ. ડાંગ
૧૨.	મંડળીના ચોપડાઓ કઈ ભાષામાં રાખવામાં આવશે તેની વિગત.	ગુજરાતીમાં
૧૩.	યોજના :-	
	આ સુચિત મંડળીની યોજના હોવી જોઈએ અને સદર મંડળી કેવી રીતે કરકસર પૂર્વક કામ કરશે અને મંડળીની સ્થિતિ મજબુત થશે તેની વિગતો.	ધારા કાયદા કલમ-૩૭ના ઉદ્દેશો
	યોજના સ્થાયિ મિલ્કત લેવા માટે સમાવેશ છે કે કેમ ? તે સ્થાયિ મિલ્કત ખરીદ કરવાની છે અગર સંપાદન કરવાની છે તેનું વર્ણન.	

આર. પી. કુંવર

મુખ્ય પ્રયોજકની સહી

૪

:: પ્રયોજકોએ નીચે સહી કરવી ::

(સહી) (૧) શ્રીમતિ સ્મીતાબેન વિનોદભાઈ કુંવર (મુખ્ય પ્રયોજક) સ્મિતા વી. કુંવર

(૨) ૫ ગીંબલીબેન જયાભાઈ દિસાઈ

(૩) ૫ રેશમીબેન કાંતુભાઈ કુંવર રેશમી કે. કુંવર

(૪) ૫ કાંતીબેન ઈશ્વરજીભાઈ દિસાઈ કા. ઈ. દિસાઈ

(૫) ૫ વાડીબેન વિજયભાઈ મરજુમ

(૬) ૫ સકરાબેન દિલીપભાઈ ડેંગડા સકરાબેન

(૭) ૫ સ્મિતાબેન રાજેશભાઈ ડેંગડા સ્મિતાબેન

(૮) ૫ રૂલીબેન મગનભાઈ કુંવર રૂલીબેન મગન

(૯) ૫ લાડુબેન વેસ્તાભાઈ કુંવર

(૧૦) ૫ મનિષાબેન ઈશ્વરજીભાઈ દિસાઈ મનિ. ઈ. દિસાઈ

(૧૧) ૫ ઉર્મિલાબેન કિરણભાઈ દિસાઈ ઉ. કે. દિસાઈ

સ્થળ : પારીલખાડા (ઝાલાલા)

તારીખ : 25/02/2026

સ્મિતા વી. કુંવર

૫

જે શખ્શોએ મંડળીમાં શેર ભંડોળ તથા દાખલ ફીની રકમ ભરી હોય તેવા શખ્શોનાં નામ, ઉંમર ધંધો, સરનામું તેમણે ભરેલ રકમની વિગત દર્શાવતું પત્રક.

અ. નં.	અરજદારનું નામ	ઉંમર	ધંધો	સરનામું (રહેઠાણ)	શેર ફાળાની રકમ	દાખલ ફી	સહી
૧	રમીલાબેન વિનાભાઈ કુંવર	૪૨	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	આર. વી. કુંવર
૨	ગીતાબેન જયરામભાઈ દેસાઈ	૫૬	ખેતી	ખાસ ફ. ટીમરવાડા	૧૦૦	૧	
૩	રેશમાબેન કાંતુભાઈ કુંવર	૩૯	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	આર.કે.કુંવર
૪	કોકીલાબેન ઈદ્રીશભાઈ દેસાઈ	૪૪	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	કે.આઈ.દેસાઈ
૫	વાડીબેન વિજયભાઈ ભરકુમ	૪૪	ખેતી	ખાસ ફ. ટીમરવાડા	૧૦૦	૧	
૬	સેકાબેન હિતેષભાઈ રંગમ	૩૪	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	સેકાબેન
૭	અનિતાબેન રાજેશભાઈ રંગમ	૪૭	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	અનિતાબેન
૮	રૂલીબેન મંગાભાઈ કુંવર	૩૪	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	રૂલીબેન મંગાભાઈ
૯	લાડુબેન વેસ્તાભાઈ કુંવર	૫૮	ખેતી	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	
૧૦	મનિષાબેન ઈદ્રીશભાઈ દેસાઈ	૨૮	મજુરકામ	પરોલ ફ. જમાલપુર	૧૦૦	૧	મીનાબેન આઈ.દેસાઈ
૧૧	ઉર્મિલાબેન કિરણભાઈ દેસાઈ	૩૪	મજુરકામ	ખાસ ફ. ટીમરવાડા	૧૦૦	૧	યુ.કે.દેસાઈ

સહી આર. વી. કુંવર

મુખ્ય પ્રયોજક

૬

:: સભાસદોના પશુઓની યાદી બતાવતું પત્રક ::

અ. નં.	સભ્યનું નામ	ગામ	શેરની રકમ	દૂધ આપતા પશુઓની સંખ્યા	દૂધ નહિં આપતા પશુ-ઓની સંખ્યા	કુલ પશુઓની સંખ્યા	કેટલું દૂધ ભરી શકશે (લીટરમાં)
૧)	રમીલાબેન વિનોદભાઈ કુંવર	જામાસા	૧૦૦	૩	૩	૧૦	૨૫ લિટર
૨)	ગોંજલીબેન જુવાનભાઈ ડિસાઈ	દીમડાસણા	૧૦૦	૨	૧	૬	૨૦ લિટર
૩)	રેખાબેન કાંતુભાઈ કુંવર	જામાસા	૧૦૦	૧	૨	૫	૧૦ લિટર
૪)	કાંતીબેન ઈશ્વરજીભાઈ ડિસાઈ	જામાસા	૧૦૦	૨	૨	૮	૨૦ લિટર
૫)	વાકીબેન વિક્રમભાઈ મકવાણા	દીમડાસણા	૧૦૦	૩	૨	૮	૨૨ લિટર
૬)	સકુબેન દિલીપભાઈ ઠેંગલ	જામાસા	૧૦૦	૨	૧	૫	૧૫ લિટર
૭)	રનિતાબેન રાજુભાઈ ઠેંગલ	જામાસા	૧૦૦	૧	૧	૩	૧૦ લિટર
૮)	રેખીબેન મગનભાઈ કુંવર	જામાસા	૧૦૦	૩	૧	૭	૨૦ લિટર
૯)	હકુબેન વેસ્તાભાઈ કુંવર	જામાસા	૧૦૦	૧	૧	૩	૧૦ લિટર
૧૦)	મનિષાબેન ઈશ્વરજીભાઈ ડિસાઈ	જામાસા	૧૦૦	૧	૧	૩	૧૦ લિટર
૧૧)	ઉર્મિલાબેન કિરણભાઈ ડિસાઈ	દીમડાસણા	૧૦૦	૨	૧	૪	૧૫ લિટર

સહી આર. વી. કુંવર

મુખ્ય પ્રયોજક

૭

મંડળીની વધારાની માહિતી :-

૧. મંડળીએ જો કામ શરૂ કરી દીધું હોય તો ક્યારથી શરૂ કર્યું ? ૧/૧૦/૨૦૦૮ થી

૨. દૂધ ભરનારની સંખ્યા ૧૫

૩. દરરોજ કેટલું દૂધ ભરે છે.

	લીટર
સવાર	૫૦/૫
સાંજ	૫૦/૨
કુલ...	૧૦૦/૭

૪. સભાસદ સંખ્યા ૨૦

૫. ખાતેદારની સંખ્યા ૨૫

૬. ગામની વસ્તી ૭૦૫

૭. દુધાળાં ઢોરની સંખ્યા ૩૨૦

૮. ભવિષ્યમાં કેટલા લીટર દૂધ પૂરૂં પાડવામાં આવશે ? ૩૭૦ લિટર

	લીટર
સવાર	૧૮૦
સાંજ	૧૮૦
કુલ...	૩૭૦

આર. બી. કુંવર

મુખ્ય પ્રયોજક

૮

દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. ના

પેટા કાયદા

પેટા કાયદા કલમ ૧. મંડળીનું નામ અને સરનામું :-

(૧) આ મંડળીનું નામ મહિસાગર સંચાલિત પારીયાપાડા (જાબાસા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ. છે.

(૨) મંડળીનું નોંધાયેલું સરનામું મુ. જાબાસા પો. ફરસંધ તા. સુબીર જિ. ડાંગ રહેશે. સરનામામાં કોઈપણ ફેરફાર થશે તો તેની ખબર, ફેરફાર થયાની તારીખથી ૩૦ દિવસની અંદર સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીને આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૨. કાર્યક્ષેત્રે :-

આ મંડળીનું કાર્યક્ષેત્ર નીચેનાં ગામો/ફળિયા પુરતું મર્યાદિત રહેશે પરંતુ કાર્યવિસ્તારમાં જણાવેલ ગામો/ ફળિયા પૈકી ગામ / ફળિયા અથવા ગામો / ફળિયા જો પોતાની જુદી મંડળી નોંધાવશે તો તે ગામ/ફળિયા અથવા ગામો/ફળિયા આ મંડળીના કાર્ય વિસ્તારમાંથી આપોઆપ રદ થશે.

કાર્યક્ષેત્રના ગામના અથવા ફળિયાના નામ :-

(૧) પારીયાપાડા (જાબાસા) (૨) _____

(૩) _____ (૪) _____

પેટાકાયદાના કલમ ૩. ઉદ્દેશો :-

મંડળીના ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

(૧) સભાસદોને દૂઝણાં ઢોર ખરીદવા તેમજ પાળવા માટે વ્યાજબી વ્યાજના દરે કરજ ધીરવાનો.

(૨) સભાસદોને સ્વચ્છ દૂધ ઉત્પન્ન કરવામાં મદદ કરવાનો.

(૩) સભાસદોએ ઉત્પન્ન કરેલ સ્વચ્છ દૂધ સંઘ મારફત વેચાણ કરી સભાસદોને વ્યાજબી ભાવ મેળવી આપવાનો.

(૪) સભાસદોને પશુપાલનના ઉદ્યોગ અંગેની જરૂરી ચીઝ વસ્તુઓ પુરી પાડવાનો.

(૫) સભાસદોનાં દૂધાળાં ઢોરના વીમા ઉતરાવવા એજન્ટ તરીકે કામ કરાવાનો અને આ અંગે જરૂરી વ્યવસ્થા કરવાનો.

(૬) સભાસદોમાં ખેતી વિષયક પશુપાલન અંગેનો તથા તેને લગતા નવા સુધારા અને શોધખોળના જ્ઞાન અંગેનો પ્રચાર કરવો તથા તેને અમલમાં લાવવા ઉત્તેજન આપવાનો.

(૭) સભાસદો તથા કર્મચારીઓનો સહકારી પ્રવૃત્તિ પ્રત્યેનો વિશ્વાસ વધુને વધુ દૃઢ થાય તથા તેમનામાં સહકારી પ્રવૃતિની જાણકારી વધુને વધુ કેળવાય તે માટે તેમને સહકારી પ્રવૃત્તિને લગતા શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા કરવી અથવા તે માટે મદદરૂપ થવું.

(૮) સભાસદોમાં કરકસર, સ્વાશ્રય અને પરસ્પર મદદની ટેવોને ઉત્તેજન આપવાનો.

(૯) ઉપરના ઉદ્દેશો બર લાવવા માટે બીજી બધી જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવાનો.

આર. સી. કુવર

૮

પેટા કાયદા કલમ ૪. શેર ભંડોળ :-

(૧) નીચે જણાવેલા સાધનોથી ભંડોળ ઉભું કરી શકશે.

(અ) શેરથી :- ૧. સભાસદો પાસેથી મેળવી.

૨. સરકારશ્રી પાસેથી શેર ફાળો મેળવીને.

(બ) સભાસદો પાસેથી થાપણો મેળવીને.

(ક) કર્જ કાઢીને-કરજે નાણાં મેળવીને.

(ડ) બક્ષિસો મેળવીને.

(ઈ) પ્રવેશ ફી મેળવીને.

(૨) શેરના વેચાણથી ઉભું કરેલ ભંડોળ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ થવું જોઈએ નહિં.

(૩) બાંધી મુદતની અથવા ચાલુ થાપણ વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તેટલા વ્યાજના દરે અને નક્કી કરે તેટલી રકમ સુધી લઈ શકશે પરંતુ બાંધી મુદત અને ચાલુ થાપણના વ્યાજનો દર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકની આ પ્રકારની થાપણોના વ્યાજના દરથી વધુમાં વધુ ૨ ટકાથી વધુ રહેશે નહીં. થાપણો સાથેના બહારનાં દેવાની એંકદરે રકમ શેરથી ભરાયેલ ભંડોળ, અનામત ભંડોળ અને મકાન ફંડ બાદ એકત્ર ખોટના દશ ગણાં કરતાં વધવી જોઈએ નહિં.

(૪) મંડળીનું ભંડોળ જ્યારે ઉપયોગમાં ન હોય ત્યારે સહકારી કાયદાની કલમ ૭૧ (અ), (બ) અથવા (ડ) મુજબ રોકવામાં આવશે અથવા થાપણ તરીકે મુકવામાં આવશે પરંતુ ઈન્ડિયન ટ્રસ્ટ એકટની કલમ ૨૦(ઈ) મુજબ કોઈપણ રોકાણ થઈ શકશે નહિં.

(૫) આ પેટા નિયમમાં મંડળીનું કામકાજ એ બે શબ્દોમાં સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજૂરી મેળવીને મંડળીએ સામાન્ય વસુલાતના કામને અંગે સ્થાવર મિલ્કતમાં રોકેલી રકમ અને મંડળીના પોતાના ઉપયોગ સારૂ બાંધવાના મકાન અને ગોડાઉનોમાં રોકેલી રકમનો સમાવેશ થશે.

પેટા કાયદા કલમ ૫. સભાસદપણું :-

(૧) કોઈપણ શખ્શ કે જે .....

(અ) પેટા કાયદા કલમ ૨માં દર્શાવેલ મંડળીના કાર્યક્ષેત્રનો રહીશ (છેલ્લા છ માસથી જે શખ્સ ગામમાં સતત રહેતો હશે) અને જે દારૂ પીતો હશે નહિં તે.

(બ) જેની ઉંમર પુરા ૧૮ વર્ષની અગર વધુ હશે અને જે કરાર કરવાનો કાયદેસર લાયક હશે, તથા જે દુધાળાં ઢોર પાળતો હશે દૂધ ઉત્પન્ન કરતો હશે તે.

(ક) જેની સભાસદપણાની લેખીત અરજી વ્યવસ્થાપક સમિતિની બહુમતીથી મંજુર થયેલી હશે તે.

(ડ) જેણે ઓછામાં ઓછી એક શેર ખરીદ કર્યો હશે અને પ્રવેશ ફીનો રૂા. ૧ (એક) આપ્યો હશે તે.

(ઈ) જેણે મંડળીના પેટા નિયમો પ્રમાણે વર્તવા બાંહેધરી આપી હશે તે.

(ફ) જે શખ્સ જાતે અગર સંયુક્ત કુટુંબની વ્યક્તિ મારફત અગર કોઈની ભાગીદારીમાં મંડળી જે પ્રકારનો ધંધો કરતી હશે તે પ્રકારનો ધંધો કરતો નહિ હશે તે .....

આર. વી. કુંડર

(જી) જે ભેંસ અગર ગાય રાખતા હશે અગર તો મંડળીમાં જોડાઈ સહકારી મંડળીમાં લોન મેળવીને ગાય ભેંસ ખરીદવા ઈચ્છુક હશે અને સહકારી મંડળીને દૂધ ભરવા લેખીત બાંહેધરી આપતો હશે.

(એચ) જે દેવાળિયો અગર કાયદેસર નાલાયક ઠર્યો હશે નહિં.

(આઈ) જો તેના ઉપર નૈતિક અધ:પતનનો ફોજદારી ગુનો સાબીત થયો હશે નહિં.

(જે) મહિલા સંચાલિત મંડળીમાં બહેનો જ સભાસદ થઈ શકશે.

(૨) કોઈપણ શખ્સ કે જે આ પ્રકારનું કામકાજ કરતી બીજી કોઈ મંડળીનો સભાસદ હશે તે આ મંડળીનો સભાસદ થઈ શકશે નહિ અને સભાસદ થઈ ગયા હોય તો સભાસદ તરીકેનો હક્ક ભોગવી શકશે નહિં.

(૩) મંડળી નોંધવાની અસલ અરજી જે શખ્સોએ સહી કરી હશે તેઓ કલમ (૧) ક ની જોગવાઈઓમાંથી મુક્ત ગણાશે.

(૪) પોતાની હયાતી બાદ પોતાના શેર અને મંડળીમાં રહેલી અન્ય મિલ્કત મેળવવા માટે સભાસદે જે શખ્સનું નામ મંડળીના દફ્તરે નોંધાવ્યું હશે તે શખ્સને અથવા જે શખ્સ મરનાર સભાસદનો વારસદાર તરીકે હક્ક ધરાવતો હશે તે શખ્સ, જો વ્યવસ્થાપક સમિતિ સભાસદ તરીકે સ્વીકારે ત્યારે તે ઉપર જણાવેલી એક શેર લેવાની શરતમાંથી મુક્ત રહેશે.

પેટા કાયદા કલમ ૬. સભ્યપદ બંધ થવા બાબત.

(૧) કોઈપણ સભાસદ કોઈપણ વખતે એક માસની લેખીત નોટીશ આપીને વ્યવસ્થાપક સમિતિની મંજુરીથી મંડળીમાંથી નીકળી જઈ શકે પણ આવી મંજુરી જ્યાં સુધી તે મંડળીના દેવામાં હોય ત્યાં સુધી આપવામાં આવશે નહિં.

(૨) મંડળીની સાધારણ સભામાં હાજર સભાસદો $\frac{૩}{૪}$ જેટલા સભાસદો સંમતિથી કોઈપણ સભાસદને નીચેનાં કોઈપણ કારણસર મંડળીમાંથી બરતરફ કરી શકાશે.

(અ) જો જાતે નાણાં પાછા આપવામાં હંમેશા જાણીબુજીને ઢીલ કરતો હોય અથવા મંડળી તરફથી તેની ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં વારંવાર કસુર કરતો હોય.

(બ) જો તે ખોટી હકીકત જાહેર કરી ઈરાદાપૂર્વક મંડળીને છેતરતો હોય.

(ક) જો તે પેટા નિયમ ૫ માંની સભાસદપણાની કોઈપણ લાયકાત ધરાવતો બંધ થાય.

(ડ) જો તે મંડળીની શાખાને નુકશાન થાય તેવું કૃત્ય ઈરાદાપૂર્વક કરતો હોય.

(ઈ) જો તે પોતાના ઢોરને આરોગ્યના નિયમનથી વિરૂદ્ધ અનારોગ્ય હાલતમાં રાખ્યા જ કરતો હોય.

(ફ) પેટા નિયમ ૧૦ (૨૩) માં જણાવ્યા પ્રમાણે શિક્ષાને પાત્ર બન્યા પછી જો તે પોતાના જીદીપણે દૂધમાં ભેળસેળ કરતો હોય.

(ધ) જો તેની પાસે દૂધાળુ જાનવર હશે છતાંપણ પોતાના વપરાશનું દૂધ અલગ કાઢી લેતા વધેલું દૂધ ભરતો હશે નહિ તો.

આર. ડી. ઠુમર

(૩) કોઈપણ સભાસદને બરતરફ કરતાં પહેલાં તેણે જે કંઈ કહેવું હોય તે સાધારણ સભા આગળ કહેવાની તક આપવી જોઈએ. આ અંગે સભાસદને સાધારણ સભાની તારીખથી ૧૪ દિવસ અગાઉ નોટીશ આપવી. જોઈએ. સાધારણ સભાએ પસાર કરેલા આ ઠરાવને સબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની મંજુરી મળેલી હોવી જોઈશે. આવી મંજુરી જો ત્રણ માસમાં ન મળે તો મંડળીએ મંજુરી મળી ગઈ છે તેમ માની ઠરાવનો અમલ કરવો. આ રીતે બરતરફ કરવામાં આવેલા સભાસદ બે વર્ષ સુધી સંબધંકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરી સિવાય આ અથવા કોઈ મંડળીમાં સભાસદ તરીકે દાખલ થઈ શકશે નહિં.

(૪) કોઈ પણ શખ્સ

(૧) મરણ પામવાથી

(૨) ઓછામાં ઓછો ૧ શેર ધારણ કરતો બંધ થવાથી.

(૩) પેટા નિયમ ૬ (૧) મુજબ એક મહિનાની નોટિશ આપી છુટો થયેથી.

(૪) પેટા નિયમ ૬ (૨) મુજબ બરતરફ થયેથી.

(૫) જો તે દેવાળિયો અગર કાયદેસર નાલાયક ઠર્યો હોય તો.

(૬) જો તેના નૈતિક અધ:પતનનો ફોજદારી ગુનો સાબિત થયો હોય તો તે.

વ્યવસ્થાપક સમિતિના ઠરાવથી સભ્યપદેથી કમી થશે.

(૫) જે તે વર્ષના તુરતના અગાઉના વર્ષ દરમ્યાન મંડળીમાં ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા વર્ષ દરમ્યાન ૭૦૦ લીટરથી ઓછું દૂધ ભર્યું હશે તો તે બોનસ, ડીવીડન્ડ જેવા આર્થિક લાભો મેળવવા સિવાય મંડળીમાં સભાસદ તરીકેના કોઈપણ હક્ક ભોગવી શકશે નહિં.

પેટા કાયદા કલમ ૭ :-

(૧) દરેક શેરની દર્શનીય કિંમત રૂા. ૧૦/- રહેશે. શેર લેવા માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો નિકાલ વ્યવસ્થાપક સમિતિ કરશે, શેરની કિમંત પુરેપુરી અથવા વ્યવસ્થાપક સમિતિની સભા ઠરાવે તે હપ્તાથી ભરવી જોઈએ.

(૨) દરેક સભાસદને તેના શેર અગર શેરો સારૂ જુદા જુદા નંબરનું શેર સર્ટિફિકેટ આપવામાં આવશે જો કોઈપણ સભાસદને તેણે ધારણ કરેલા શેર અથવા શેરનો હપ્તો મુકરર કરેલી તારીખથી ૧૦ દિવસમાં ભરવાનું ચૂકશે તો શેર અથવા શેરની બાબતમાં આવી ચુક કરવામાં આવી હશે તે શેર અથવા શેરો વ્યવસ્થાપક સમિતિની મુનસફી મુજબ જપ્ત થઈ શકશે અને તે શેર અથવા શેરોની રકમ મંડળીના રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે પરંતુ આવી રીતે જપ્ત કરવામાં આવે તે પહેલાં ૧૬ દિવસ અગાઉ ચુક કરનાર સભાસદને લેખિત નોટિશ આપવામાં આવશે.

(૩) સભાસદ એક વરસ સુધી શેર ધારણ કર્યા બાદ વ્યવસ્થાપક સમિતિની સંમતિથી બીજા સભાસદોને મોંબદલો કરી શકશે. મોંબદલો રાખનારનું નામ શેર ટ્રાન્સફર રજીસ્ટરમાં નોંધવામાં આવે નહિ અને શેર દીઠ **૨૫ પૈસાની** ફી આપવામાં આવે નહિ ત્યાં સુધી મોંબદલો પૂરો થયેલો ગણાશે નહિં.

આર. પી. કુંપર

૧૨

(૪) જો કોઈ સભાસદે મંડળીના હિતનું નુકશાન કર્યું હશે તથા જે મંડળીના પેટા નિયમો અથવા વ્યવસ્થાપક સમિતિના ઠરાવોનું જાણીબુઝીને વારંવાર ઉલ્લંઘન કરતો માલુમ પડેલો હશે તેને આ કામે બોલાવવામાં આવેલ સાધારણ સભાના હાજર સભ્યોની $\frac{૩}{૪}$ બહુમતીથી દુર કરી શકાશે પરંતુ આવું કરવા ધારેલા ઠરાવ સામે પોતાનું કહેવું રજુ કરવા આવા સભાસદને પુરતી તક આપેલી હોવી જોઈએ. અને ઠરાવના અમલ માટે સંબધકર્તા રજીસ્ટ્રારશ્રીની મંજુરી મેળવવાની રહેશે. ઠરાવ મંજુર કે ના મંજુર થવાની ખબર ખાતામાં ઠરાવ મોકલ્યાની તારીખથી ત્રણ માસની અંદર ન મળે તો તે સમય પછી ઠરાવનો અમલ થઈ શકશે.

આવા દૂર કરવામાં આવેલ સભાસદોને ખાતાની મંજુરી સિવાય બે વર્ષની અંદર આ મંડળી કે આવાજ પ્રકારની બીજી મંડળીમાં ફરી દાખલ કરી શકાશે નહિં.

આ સભાસદે ધારણ કરેલા તમામ શેરો સાધારણ સભાએ ઠરાવ્યું હશે તો જપ્ત થઈ શકશે. જપ્ત કરેલ શેરની કપાત રકમ અનામત ભંડોળ ખાતે લઈ જવામાં આવશે.

(૫) કોઈપણ સભાસદ પોતાના નામે એક વરસ સુધી શેર ધારણ કર્યા ફછી ત્રણ મહિના અગાઉ નોટીશ આપેથી પેટા કાયદા ૭ (૩) ને આધીન રહીને પોતાના શેરની રકમ પાછી મેળવવાને હકદાર રહેશે, પરંતુ આવી પરત કરવાની શેરની એકંદર રકમ ગઈ તારીખ ૩૧ મી માર્ચના સરવૈયામાં નીકળતા શેર ભંડોળના $\frac{૧}{૧૦}$ કરતાં વધુ રહેશે નહિં.

(૬) સભાસદની જવાબદારી તેણે ધારણ કરેલા શેરની બાકી રકમ કરતાં વધુ રહેશે નહિં અને તેને માટે તે અથવા તેની મિલ્કત જવાબદાર ગણાશે.

(અ) કોઈપણ સભાસદ વસુલ આવેલા શેર ભંડોળ $\frac{૧}{૫}$ કરતા વધુ શેરો ધારણ કરી શકશે નહિં.

(૭) મંડળીનો કોઈપણ સભાસદ પોતાના હાથે લખેલો દાખલો મંડળીમાં અનામત રાખવી મંડળીના નોકર અગર અમલદાર સિવાયનો કોઈપણ માણસ જેને તેના મરણ પછી તેને તમામ હક્ક અગર કોઈપણ ભાગ આપવામાં આવે તેવાને નીમી શકશે. આવી નિમણુંક નોંધવા સારૂ અથવા ત્યારબાદ કરવા અગર સુધારવા સારૂ એક રૂપિયાની ફી લેવામાં આવશે અને આવો હક્ક વ્યવસ્થાપક સમિતિએ મંજુર કરેલો હોવો જોઈએ.

(૮) મંડળીનો સભાસદ ગમે તે શખ્સને એના મૃત્યુ પછી મંડળીમાં રહેલા એના શેર અને બીજી મિલ્કતના હકદાર તરીકે વારસદાર નીમી શકે છે પરંતુ તેનો અમલ નીચે જણાવેલી શરતોને આધિન રહેશે.

(અ) વારસદારની નિમણુંક કરતા પત્ર ઉપર મરનાર સભાસદે બે સાક્ષીઓની રૂબરૂમાં સહી કરેલી હોવી જોઈએ અને સાથે સાક્ષીઓની પણ સહી કરાવેલી હોવી જોઈએ.

(બ) આ રીતે વારસ તરીકે નીમેલા શખ્સને સભાસદ તરીકે દાખલ કરે પછી તેને ઉપરના હક્ક પ્રાપ્ત થશે. વારસની નિમણુંક કરતો પત્ર નોંધાવવા માટે એક રૂપિયો ફી લેવામાં આવશે અને તે પછી ફેરફાર અથવા તેને રદ કરવા માટે તે વખતે પણ એક રૂપિયો ફી લેવામાં આવશે.

(૯) જો કોઈપણ સભાસદ મરણ પામેથી તેને ખાતે શેરની અથવા બીજી જમા રકમ તેની પાસે લેણી નીકળતી રકમ હશે તો તે કાપી લઈ તેણે નીમેલા વારસને અથવા જો તેવી નિમણુંક કરવામાં આવી હશે નહિ તો મરણ પામેલા સભાસદના વારસ અથવા કાયદેસર પ્રતિનિધી તરીકે તે રકમ મેળવવાનો હક્ક વ્યવસ્થાપક સમિતિને જણાશે તેને મંડળીને જામીનગીરી પત્ર લખી આપવાથી આપવામાં આવશે.

જો કોઈપણ મરનાર સભાસદે પેટા કાયદા ૭ (૭) માં જણાવ્યા પ્રમાણે વારસદારને નીમ્યો ન હોય અને જો મંડળીને લાગે કે અમુક શખ્સ મરનારનો ખરેખર વારસ અથવા કાયદેસર પ્રતિનિધિ છે તો તેને મંડળીના મરનાર સભાસદના શેર વગેરે મિલ્કત લેવાનો અધિકાર છે. પરંતુ મંડળીની વ્યવસ્થાપક સમિતિએ તેવા વારસદારને અથવા કાયદેસર પ્રતિનિધિને સભાસદ તરીકે દાખલ કરવો જોઈએ.

(૧૦) જો મંડળી વ્યવસ્થાપક સમિતિ પેટા કાયદા કલમ ૭ (૭) અને ૭ (૮) માં જણાવ્યા મુજબ વારસદારને સભાસદ તરીકે દાખલ ન કરે તો મંડળીમાંના મરણ પામેલા સભાસદને નામે જે શેર અને બીજી મિલ્કત જમા હોય તેમાંથી જે રકમ મરનાર સભાસદ પાસેથી લ્હેણી નીકળતી હશે તે કાપી લઈને પેટા કલમ ૭ (૭) અથવા ૭ (૮) મુજબના વારસ અથવા કાયદેસરના પ્રતિનિધિને જરૂરી જામીનગીરી પત્ર લખાવી લઈને મંડળી બાકીની રકમ પરત કરી શકશે. મુદતબાંધી થાપણ તો મુદત પુરી થયા પછી જ ઉપાડી શકાશે.

પેટા કાયદા કલમ ૮. સાધારણ સભાઓ :-

(૧) મંડળીની પ્રથમ સાધારણ સભાને વાર્ષિક સાધારણ સભાને સત્તા આપવામાં આવી છે તે તમામ સત્તા રહેશે.

(૨) વાર્ષિક સાધારણ સભા મંડળીનું સહકારી વર્ષ પુરૂં થયા બાદ ~~ત્રણ~~ Ed આર. ડી. કુંપર મહિનામાં બોલવવામાં આવશે.

(૩) મંત્રીએ સાધારણ અને વ્યવસ્થાપક સમિતિની સભાઓ પ્રમુખની સમંતિ મેળવી બોલાવવી અને તેમાં હાજર રહેવું. મંત્રીની ગેરહાજરીમાં આવી સભાઓ ઠરાવેલી મુદતની અંદર બોલવવાની ફરજ પ્રમુખની રહેશે.

(૪) વાર્ષિક સાધારણ સભાનાં કામો નીચે પ્રમાણે રહેશે.

(૧) વરસના ઉપર અને ખર્ચ, પુંજી અને દેવું તથા નફો અને નુકશાન બતાવનારા પત્રકો સહિત ગયા વરસના મંડળીના કામકાજનો રિપોર્ટ કમિટિ પાસેથી મેળવી લેવો.

(૨) આવતા વર્ષ સારૂ **"બેલેટ પદ્ધતિથી ચૂંટાયેલ વ્યવસ્થાપક સમિતિના સભ્યોના નામ જાહેર કરવા"**

નોંધ :- પ્રથમ સાધારણ સભાને અને જે મંડળીએ ચૂંટણીના નિયમો સ્વીકાર્યા નથી તેને આ નિયમ લાગુ પડશે નહિ અને વ્યવસ્થાપક સમિતિ સાધારણ સભામાં ચૂંટી કાઢવામાં આવશે.

(૩) આવતા વરસમાં મંડળીના હિસાબ તપાસવા માટે આંતરિક ઓડિટરની નિમણુંક કરવી.

(૪) હિસાબ તપાસણીની યાદી અને રજીસ્ટ્રાર સાહેબ તરફથી આવેલ બીજા કોઈપણ લખાણ ઉપર વિચાર કરવો.

આર. ડી. કુંપર

(૫) પેટા નિયમ ૪ (૩) મુજબ ઉભા કરવાના ભંડોળની રકમ મુકરર કરવી.

(૬) દૂધ એકઠું કરવાનો, લઈ જવાનો વિચાર કરવો અને તેની વ્યવસ્થા બાબત ઠરાવ પસાર કરવો.

(૭) સભાસદોનું દૂધના વેચાણની ઉપજેલી કિંમત ઉપર મંડળીએ લેવાની (આડત) હકસાઈ મુકરર કરવી અથવા મંડળી સભાસદો પાસેની દૂધ કયા ભાવે લેશે અને વેચશે તે મુકરર કરવા.

(૮) દૂધનું પેમેન્ટ તેમજ અન્ય રકમો નિયમિત રીતે ચૂકવવામાં આવી છે કે નહિ તેની ખાત્રી કરવી.

(૯) કાયદા કાનુનની જોગવાઈ અનુસાર બીજા કામો કરી શકાશે.

(૧૦) બીજું કોઈપણ કામ યોગ્ય રીતે રજુ કરવામાં આવે તેનો નિકાલ કરવો. સાધારણ સભામાં થયેલા કામકાજની નોંધ ઠરાવ લખવાની નોંધની ચોપડીમાં લખવામાં આવશે.

(૫) વ્યવસ્થાપક સમિતિની બહુમતીથી અથવા સભાસદોના એક પંચમાંશ અથવા રજિસ્ટ્રાર સાહેબના હુકમથી અથવા વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની સૂચના મળ્યા પછી પંદર દિવસની અંદર ખાસ સાધારણ સભા બોલાવવી એ પ્રમુખની ફરજ છે.

(૬) વાર્ષિક સાધારણ સભાની બાબતમાં ૧૪ દિવસની નોટિશ અને ખાસ સાધારણ સભાની બાબતમાં ૧૦ દિવસની નોટીશ, મંડળીના મકાનની બહાર સગવડ પડતી બીજી કોઈ જાહેર જગા ઉપર લેખિત નોટીશ પ્રસિદ્ધ કરીને આપવામાં આવશે. નોટીશમાં સભા બોલાવવા સારૂ ઠરાવેલી તારીખ, સમય અને સ્થળ બતાવવામાં આવશે અને સભામાં કરવાનાં કામની યાદી જણાવવામાં આવશે.

(૭) સાધારણ સભામાં હાજર રહેલા સભાસદો પૈકી ત્રણ ચતુર્થાંશ સભાસદોની પરવાનગીથી સભાની નોટીશમાં નહિ દર્શાવેલી બાબત સંબંધી દરખાસ્ત હરકોઈ સભાસદ રજુ કરી શકશે, પરંતુ તે આવી રીતે બીજા સભાસદને કાઢી મુકવાની અગર પેટા-કાયદામાં અગર કર્જ કે થાપણના વ્યાજના દરમાં ફેરફાર કરવાની દરખાસ્ત મુકી શકશે નહિ.

(૮) સભાસદોની એકંદરે સંખ્યાના બે પંચમાંશ અગર ૨૫ (પૈકી જે કમી હોય) તેટલાનું સાધારણ સભા સારૂ કોરમ (કામ કરવા સારૂં જરૂરી પુરતી હાજરી) ગણાશે. જો સભાને દિવસે કોરમ થયું ન હોય તો સભા સાત દિવસ માટે મુલતવી રખાશે જે દિવસે ઉપર સભા મુલતવી રાખી હોય તો તે દિવસ પણ જો કોરમ ન થાય તો "કોરમ" સિવાય કામનો નિકાલ કરવામાં આવશે. મુલતવી રહેલી સભાની નોટિશ મંડળીના મકાન બહાર પ્રસિદ્ધ કરવામાં આવશે જેમાં તારીખ સ્થળ અને સમય બતાવવામાં આવશે. સાધારણ સભાના દિવસે તમામ કામ પુરૂં ન થાય તો બાકી રહેલું કામ બીજા દિવસ ઉપર મુલતવી રાખી શકશે.

(૯) તમામ સાધારણ સભાઓમાં હાજર સભાસદો પોતાનામાંથી સભાના પ્રમુખ ચૂંટી શકશે.

(૧૦) વર્ષ દરમ્યાન જે સભાસદે મંડળીમાં નિયમિત દૂધ ભર્યું હશે (વર્ષ દરમ્યાન ૧૮૦ દિવસ અથવા ૭૦૦ લીટર દૂધ ભર્યું હશે) તેજ સાધારણ સભામાં તે વર્ષ માટે એક મત આપી શકશે, સભાનાં પ્રમુખ પોતાના સાધારણ મત ઉપરાંત જ્યારે સરખા મત થાય ત્યારે એક વિશેષ મત આપી શકશે.

આર. વી. કુંવર

(૧૧) વાર્ષિક સાધારણ સભામાં પસાર થયેલા કોઈપણ ઠરાવમાં અગર દરખાસ્ત અગર ચર્ચા ત્યાર પછીના ૬ મહિનામાં થનારી કોઈપણ સાધારણ સભામાં લાવી શકશે નહિ પરંતુ જો મંડળીની વ્યવસ્થાપક સમિતિના કુલ સભાસદો $\frac{2}{3}$ જેટલા સભાસદોને એવો અભિપ્રાય હોય અને જેની સાથે રજીસ્ટ્રારશ્રી સંમત થતા હોય કે મંડળીના હિતમાં એવા પસાર કરવામાં આવેલા ઠરાવ રદ કરવા જેવા અગર સુધારવા જેવા છે, તો વ્યવસ્થાપક સમિતિના સભાસદો ૬ મહિનાની અંદર પણ તે કાર્ય માટે એક ખાસ સાધારણ સભા બોલાવી શકશે.

પેટા કાયદા કલમ ૯. વ્યવસ્થાપક સમિતિ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ પેટા નિયમ ૯ (૨) અને ૯ (૩) માં જણાવેલ પ્રતિનિધિ સહિત ~~૨૧ સભ્યોની બનશે. જે પૈકી નવ સભ્યો ચૂંટાયેલા હશે. ચૂંટાયેલા સભ્યો દર ૩ (ત્રણ) વર્ષે બધા સભ્યો છુટા થશે~~ જેઓ ફરીથી ચૂંટાવાને પાત્ર રહેશે. અડધા કરતાં વધુ સભાસદોનું કોરમ બનશે. વ્યવસ્થાપક સમિતિ દર વર્ષે વાર્ષિક સાધારણ સભાની તારીખ પછી પંદર દિવસમાં પોતાનો પ્રમુખ ચુંટી કાઢશે, જ્યારે તે હાજર હોય તે સમિતિની તમામ સભાઓમાં પ્રમુખસ્થાન લેશે જ્યારે તે ગેરહાજર હોય ત્યારે હાજર સભાસદો પોતાના પૈકી એકને પ્રમુખ ચુંટશે. દરેક સમિતિના સભાસદોને એકમત આપવાનો હક્ક છે. પણ પ્રમુખને એક વિશેષ મત જ્યારે સરખા મત થાય ત્યારે આપવાનો હક્ક છે. વ્યવસ્થાપક સમિતિ ૧૨ સભ્યોની બનશે અને પાંચના બદલે ૨૧ સભ્યોની બનશે. જેની મુદત પાંચ વર્ષની રહેશે. આર. બી. કુંવર

(અ) ૯ કમિટિ સભ્યો પૈકી ૧ અનુસુચિતજાતિ અને ૧ સીમાન્ત અગર ખેતમજુર માટે અનામત રહેશે.

(બ) ૯ કમિટિ સભ્યો પૈકી ત્રણ જગ્યા બહેનો માટે અનામત રહેશે. એક આર. બી. કુંવર અનુસૂચિત જાતિના ખેત

(ક) મુદત વીતી બાકીદાર વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે ચૂંટાવાને અથવા ચાલુ રહેવાને પાત્ર રહેશે નહિ.

(ખ) જો તેણે સભાસદ થયા પછી પોતાના ત્યાં ઉત્પન્ન થતું દૂધ અથવા મંડળી મારફતે ગાય અગર ભેંસ ખરીદવા માટે લોન મેળવ્યા બાદ છ માસમાં ગાય અગર ભેંસની ખરીદી કરી હશે નહિ અગર તો ગાય અગર ભેંસ ખરીદ્યા બાદ જે તે સહકારી વર્ષ દરમ્યાન ૧૮૦ દિવસથી ઓછા દિવસો માટે અથવા ૭૦૦ લીટરથી ઓછું દૂધ મંડળીમાં ભર્યું હશે તે મંડળીની વ્યવસ્થાપક સમિતિમાં ચૂંટાવાને લાયક ગણાશે નહિં, અને જો ચુંટાયો હશે તો તે ચાલુ રહેવા પાત્ર ગણાશે નહિં.

(૨) મંડળીએ જિલ્લા સહકારી બેંક મારફતે અગર સીધો સરકારશ્રીનો શેરફાળો લીધો હશે તો મંડળીની વ્યવસ્થાપક સમિતિએ ઉપર જિલ્લા સહકારી બેંકનો કે સરકારશ્રીનો પ્રતિનિધિ રહેશે.

(૩) મંડળીએ જો વલસાડ જિલ્લા સહકારા દૂધ ઉત્પાદક સંઘ લિ. સાથે સંયોજિત થઈ હશે તો વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નો એક વધારાનો પ્રતિનિધિ મંડળીની વ્યવસ્થાપક સમિતિ ઉપર રહેશે.

(૪) પેટા-નિયમ અને સાધારણ સભામાં પસાર કરેલા ઠરાવોને પાત્ર રહીને વ્યવસ્થાપક સમિતિ મંડળીનું કામકાજ ચલાવવાની પુરેપુરી સત્તા ભોગવશે. તે કામકાજનો નિકાલ કરવાને વારંવાર મળશે, પણ વ્યવસ્થાપક સમિતિએ દર મહિને ઓછામાં ઓછા એકવાર મળવું જ જોઈએ.

(૫) મરણ અથવા બીજા કોઈ કારણસર વ્યવસ્થાપક સમિતિમાં ખાલી પડેલી જગ્યાઓ ત્યાર પછીની વાર્ષિક સાધારણ સભામાં ભરવામાં આવશે. સાધારણ સભા સુધીની મુદત માટે વ્યવસ્થાપક સમિતિ કો. ઓપ્શનથી પુરશે.

આર. બી. કુંવર

(૬) (અ) વ્યવસ્થાપક સમિતિની સભામાં કોઈ સભાસદ ગેરહાજર રહેવા માટે મંજુરી મેળવ્યા સિવાય લાગલગાટ ૩ વખત ગેરહાજર રહ્યો હશે તો તે વ્યવસ્થાપક સમિતિના સભાસદ તરીકે આપોઆપ બંધ થયેલો ગણાશે અને તેની જગ્યા બીજી વાર્ષિક સભા મળે ત્યાં સુધી સમિતિ 'કો. ઓપ્શનથી' પુરી શકશે.

(૭) સેક્રેટરી સમિતિના ઠરાવથી નોંધની અને સાધારણ સભાના ઠારવની નોંધની જુદીજુદી ચોપડીઓ રાખશે. જેમાં હાજર રહેલા સભાસદોના નામ તથા દરેક સભામાં થયેલા કામની નોંધ નોંધવામાં આવશે. સાધારણ સભાની ઠરાવ બુક સભાસદોની તપાસને સારૂં ખુલ્લી રહેશે.

(૮) કોઈપણ સભાસદ જે બાબતમાં તેને અંગત હિત હોય તેવી બાબતની ચર્ચામાં અથવા કામકાજમાં હાજર રહેશે નહિ અથવા મત આપશે નહિં.

(૯) મંડળીના વહિવટમાં ગેરવ્યવસ્થા થાય એમ રજીસ્ટ્રારશ્રીને લાગે તો તેઓ મંડળીની વ્યવસ્થાપક સમિતિ અને જનરલ સભાની સત્તાઓને રદ કરીને તે સત્તાઓ તેમને યોગ્ય લાગે તેટલા શખ્શો નીમીને તેમને વધુમાં વધુ ૪ વર્ષ માટે સોંપી શકશે અને તે મુદત દરમ્યાન મંડળીના તમામ હોદ્દેદારો કામ કરતાં બંધ થશે.

(૧૦) "આ મંડળી કે અન્ય કોઈ પણ મંડળીનો બાકીદાર આ મંડળીમાં વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહીં તેમજ ચુંટણીમાં ભાગ લઈ શકશે નહિં."

આ પેટા નિયમ અર્થે બાકીદારની વ્યાખ નીચે મુજબ રહેશે.

(૧) જે મંડળીઓ ધિરાણ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે, તે મંડળીઓનો કોઈપણ વ્યક્તિગત સભ્ય કે જેની પાસે મંડળીની લેણી નીકળતી રકમ મુદતવીતી થયેલ હોય.

(૨) જે મંડળી ધિરાણ સિવાયની પ્રવૃત્તિમાં કાર્યરત હોય અને મંડળી પોતે અન્ય મંડળીની મુદતવીતી બાકીદાર હોય તો તેવી મંડળીનાં તમામ સભ્યો.

પેટા કાયદા કલમ ૧૦. વ્યવસ્થાપક સમિતિની ફરજો :-

વ્યવસ્થાપક સમિતિની ફરજો નીચે પ્રમાણે રહેશે.

(૧) વ્યવસ્થાપક સમિતિ કે કોઈ અમલદાર અથવા મંડળીના કોઈપણ નોકર અથવા મંડળીના પ્રમુખ પોતાના હોદ્દાને માટે લાયકાત ન ધરાવતા હોય અને તેમની ચૂંટણી કે નિમણુંક ખામી ભરેલી હોય તેથી કોઈ વ્યવસ્થાપક સમિતિએ, અમલદાર કે મંડળીના નોકરે અથવા મંડળીના પ્રમુખે કરેલું કામકાજ રદબાતલ ગણાશે નહિં. પરંતુ તેઓમાં પોતાના હોદ્દાને માટે લાયકાત હતી અને તેમની ચુંટણી કે નિમણુંક ખામી ભરેલી ન હતી એમ માની તેઓએ કરેલા હુકમો યા કરેલું કામકાજ નિયમસર કરવામાં આવ્યા હતા એમ ગણાશે.

(૨) નવા સભ્યો દાખલ કરવા.

(૩) દૂઝણાં ઢોર ખરીદ કરવા અને તેમનું પાલન પોષણ કરવા સારૂં સભાસદોને કરજ ધીરવું અને મુદતસર વસુલ લેવું.

(૪) જો જરૂર જણાય તો ઢોરની કહોડો અને બીજા મકાનો બાંધવા અથવા ભાડે રાખવા વ્યવસ્થા કરવી.

(૫) જો જરૂર જણાય તો મંડળીના નોકરની દેખરેખ નીચે સભાસદના ઢોર દોહડાવવાની વ્યવસ્થા કરવી.

(૬) સભાસદોનાં ઢોરને બરોબર ખવડાવવા અને ઘરમાં (છાપરામાં) રાખવામાં આવે છે કે નહિ તે જોવું.

(૭) દૂધ વેચાણ અંગેની તમામ વ્યવસ્થા વલસાડ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. મારફતે કરવી, સંઘની સુચનાઓનો અમલ કરવો.

આર. બી. કુંવર

(૮) સભાસદનું પ્રત્યેક ઢોર કેટલું દૂધ આપે છે તે નોંધવા સારૂં અને તેમના દૂધના ગુણવત્તાની જાત નક્કી કરવા સારૂ (યંત્ર મૂકી) કરેલી તપાસના પરિણામ નોંધવા સારૂં એક દૂધનું પત્રક રાખવાની અને તેની તપાસ રાખવાની વ્યવસ્થા કરવી.

(૯) સભાસદોને પોતાના ઢોરને ખવડાવવા સારૂં જોઈતી ખોરાકની ચીજો આડતથી એક જથ્થે ખરીદ કરવા સારૂં વ્યવસ્થા કરવી.

(૧૦) તકરાર સાંભળી નિકાલ કરવો.

(૧૧) હિસાબ, માલ સ્ટોક, વધઘટ પત્રકો વગેરે તપાસી ખાત્રી કરવી અને તે સારૂં પગલા લેવા.

(૧૨) વાર્ષિક હિસાબોનાં પત્રકો તૈયાર કરવાં તેમજ કરાવવાં.

(૧૩) સભાસદ પાસેની મુદતવીતી લ્હેણી રકમની તપાસ કરવી અને તે વસુલ લેવા સારૂં પગલા લેવા.

(૧૪) કરજ ઉભા કરવાં અને થાપણો લેવી.

(૧૫) કાયદેસર દાવા માંડવા, બચાવ કરવો અને સમાધાન કરવું.

(૧૬) સેક્રેટરી સહીત મંડળીના તમામ પગારદાર નોકરો નિમવા, તેઓની લાયકાત, પગારનું ધોરણ વગેરે નક્કી કરવું. તેઓના રાજીનામાં સ્વીકારવાં અને તેઓને નોકરીના છ મહિના પૂરા થયેથી જો તેમનું કામ સંતોષકારક લાગે તો તેમને કાયમ કરવા અને સંતોષકારક ન લાગે તો સસ્પેન્ડ (થોડો વખત નોકરી પરથી દુર) કરવા, શિક્ષા કરવી અથવા બરતરફ, સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની પ્રથમ મંજુરીથી કરવા, પગારદાર નોકરોની લાયકાત પ્રમાણે જામીનો લઈ જામીનખત ભરાવી લેવા અને તે સહીસલામત રાખવા.

(૧૭) પેટાનિયમ ૮ (૪) (૨) મુજબ ચૂંટણીના નિયમો જે પરિશિષ્ઠ ૧ મુજબ મંજુર થયેલા હશે અગર તો મંજુર કરવાના હશે તે તથા પગારદાર નોકરોની લાયકાત વિગેરેનું ધોરણ અંગેના તેમજ વહીવટી કામકાજ માટે નિયમો જે સાધારણ સભાએ વખતોવખત ઘડી કાઢયા હશે અને સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓએ મંજુર કરેલા હશે તે મુજબ અમલ કરવો.

(૧૮) સાધારણ રીતે મંડળીનું કામકાજ ચલાવવું, હાથ ઉપર સીલક વધુમાં વધુ રૂા. ૨૦૦૦/- થી વધુ રહે નહીં તેની તકેદારી રાખવી.

(૧૯) જે બાબતોમાં સાધારણ સભાએ અપીલ સાંભળવાનો હક્ક આપ્યો હશે, તેમાં જ ફક્ત વ્યવસ્થાપક કમિટિના ઠરાવ ઉપર સાધારણ સભામાં અપીલ થઈ શકશે.

(૨૦) પેટા નિયમ ૮ (૪) (૩) મુજબ નીમાયેલા હિસાબ તપાસનાર અમલદારોની ફરજ ઓછામાં ઓછા દર ત્રણ મહિને મંડળીના હિસાબ અને દસ્તાવેજો તપાસવાની છે અને વ્યવસ્થાકીય સમિતિની ફરજ તેઓની તપાસ સારૂં તમામ જરૂરી ચોપડા કે જરૂરી કાગળો રજુ કરવાની છે.

આર. ડી. કુંડ૨

૧૮

(૨૧) સભાસદ પોતાના જીદ્દીપણે દૂધમાં ભેળસેળ કરતો હશે તો તેને જરૂરી લેખિત જાણ કરી વ્યવસ્થાપક સમિતિમાં સાંભળવાની તક આપ્યા બાદ સમિતિને જો યોગ્ય લાગે તેવા સભાસદને દંડ કરી શકશે.

(૨૨) જ્યારે મંડળીને માલ ખરીદવા, વેપારીઓને ઉધારેલ માલ વેચવાનું જોખમ લેવું પડતું હોય ત્યારે વિશ્વાસપાત્ર હવાલો અને વેપારીઓ જેમની મારફત મંડળીનો માલ વેચવાનો હોય તેમના નામની યાદી તૈયાર કરવી તથા તેમને ઉધાર માલ આપવાના હોય તેની મર્યાદા અને મુદત નક્કી કરવા તેમજ તેમની પાસેથી જરૂરી ખત નિયમાનુસાર કરાવવાના રહેશે. અને તેમને નોમીનલ સભાસદ તરીકે રૂા. ૫/- દાખલ ફી લઈ દાખલ કરવાના રહેશે. આ સભ્યોને મતાધિકાર તેમજ વહીવટ બાબતનો કોઈ અધિકાર રહેશે નહીં. નોમીનલ સભાસદ ફક્ત મંડળીના હિસાબી વર્ષ પુરતાં જ ગણાશે.

પેટા કાયદા કલમ ૧૧. સેક્રેટરીની ફરજો :-

(૧) સેક્રેટરી, જેની ફરજો નીચે પ્રમાણે છે તેના ઉપર વ્યવસ્થાપક કમિટિ દેખરેખ રાખશે.

(૨) મંડળીનો પત્રવ્યવહાર કરવો ને મંડળીના તમામ ચોપડા હિસાબ અને પત્રકો વ્યવસ્થિત, સહીસલામત રાખવા.

(૩) મંડળી ઢોરના (કોહોડમાં) છાપરામાં સ્વચ્છતા રાખવી, સભાસદોના ઢોરનું દૂધ બરાબર રીતે દોહવામાં અને હાથ ધરવામાં આવે તે અંગે દેખરખ રાખવી. સમિતિના હુકમનો અમલ કરવો. મંડળીનું લ્હેણું વસુલ કરવું અને પહોંચ તથા "વાઉચર" તૈયાર કરવાં.

(૪) વ્યવસ્થાપક સમિતિના હુકમ પ્રમાણે મંડળી તરફથી નાણાંની આપ લે કરવી.

(૫) વ્યવસ્થાપક સમિતિએ તેને સોંપેલા બીજા તમામ કામ ઉપર લક્ષ આપવું.

(૬) મંડળી વતી કરી આપવાના તમામ દસ્તાવેજો, પહોંચ, શેર સર્ટિફિકેટો અને બેન્ક સાથેની લેવડ-દેવડ વગેરે ઉપર મંડળી વતી સેક્રેટરી તથા તે ઉપરાંત પ્રમુખ અગર તો વ્યવસ્થાપક સમિતિ જેને અધિકાર આપશે તે એક અથવા વધુ સભાસદ સહી કરશે.

(૭) ગુજરાત સહકારી મંડળીઓના કાયદા કલમ ૮૫ની જોગવાઈ મુજબ હિસાબ તપાસણીના નિવેદનની તારીખથી ત્રણ મહિનામાં હિસાબ તપાસનીશે જણાવેલ ખામીઓ અથવા નિયમ બાહ્યતા દૂર કરવા માટે અને જે તે અધિકારીઓને તેની જાણ કરવાની જવાબદારી મંડળીના મંત્રીની રહેશે. મંડળીના મંત્રીએ હિસાબ તપાસણીની યાદી વ્યવસ્થાપક સમિતિની આગળ વિના વિલંબે રજુ કરવી અને ખામીઓની દુરસ્તી કરવી અને દુરસ્તી રિપોર્ટ વ્યવસ્થાપક સમિતિમાં મંજુર કરાવવો.

(૮) વ્યવસ્થાપક સમિતિએ ઠરાવ કરી જે વ્યક્તિને હાથપર સિલક રાખવાની સત્તા આપી હશે તેની સંપૂર્ણ જવાબદારી હાથપર સિલક અંગેની રહેશે.

૨૦૨. ૦૧. ૬૫૨

REGISTRAR -DANGS

પેટા કાયદા કલમ ૧૨. દૂધનું ઉત્પાદન અને વેચાણ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ દૂધ રાખવા માટે એક ઓરડો અથવા એક ડેરી રૂમ નક્કી કરશે. આ ઓરડામાં દૂધને ગાળીને ઠંડુ પાડીને કેનમાં ભરવામાં આવશે અને તે પછી દૂધને મુકરર કરેલા સ્થાને પહોંચતું કરવામાં આવશે.

(૨) મંડળીના પ્રમુખ મંડળીના રોજિંદા કામકાજ ઉપર સામાન્ય દેખરેખ રાખશે.

(૩) મંડળીનું દૂધ પુરૂં પાડનાર દરેક સભાસદને પાસબુક આપવામાં આવશે. અને તેણે દરરોજ તેનો કેટલો માલ પૂરો પાડયો તે જો તેની કરવાની ઈચ્છા હશે તો નોંધ આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૩. થાપણો :-

(૧) પેટા નિયમ ૪ (૩) મુકરર કરેલી હદ સુધી કોઈપણ વખતે થાપણો લઈ શકશે. દરેક થાપણ મુકનારને પાસબુક આપવામાં આવશે જેમાં દર વરસે ૧લી જુલાઈએ વ્યાજ જમા કરવામાં આવશે. આર. બી. કુંપર

(૨) બાંધી મુદતની થાપણ ઉપર મુદત પુરી થયા બાદ કમિટિએ તે થાપણ બીજી વધુ લાંબી મુદત સારૂં કબુલ રાખી હોય તે સિવાય ચાલુ થાપણના દરે વ્યાજ આપવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૪. કરજ :-

(૧) વ્યવસ્થાપક સમિતિ કોઈપણ સભાસદને રોકડ કરજ (ઢોરના) માટે ઘાસ ખરીદ કરવા સારૂ ૯ માસથી વધુ નહિં તેટલી મુદતમાં પાછું ભરવાની શરતે અને દુઝણાં ઢોર ખરીદવા સારૂં ત્રણ વરસથી વધુ નહિ તેટલી મુદતમાં પાછું ભરવાની શરતે ધીરી શકશે કરજ ઉપર વ્યાજનો દર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વ્યાજના દરથી વધુમાં વધુ ત્રણ ટકા સુધી રહેશે. કોઈપણ વખતે કોઈ સભાસદને ધીરેલી કરજોની રકમ રૂા. ૧૦,૦૦૦/- થી વધારે હોવી જોઈએ નહિં. તમામ કરજ માસિક હપ્તાથી ભરી દેવાં પડશે. જે પુરા પાડેલા દૂધનાં હિસાબનો મંડળી પાસે લ્હેણામાં પડતી રકમ સભાસદને આપવાની રકમમાંથી કાપી લેવામાં આવશે ઉધાર આપેલી ખોરાકની ચીજો (દાણ) રોકડ કરજ તરીકે ગણવામાં આવશે.

(૨) મંડળીએ ધીરેલા કરજની એકંદરે રકમના $\frac{૧}{૧૦}$ થી વધારે રકમ કોઈપણ વખતે વ્યવસ્થાપક સમિતિનાં સભાસદોની પાસે કરજે રહેવી જોઈએ નહિં.

(૩) કરજ જે હપ્તેથી વસુલ કરવાના છે તે સમિતિ નક્કી કરશે અને જરૂર પડે ત્યારે એક વર્ષ સુધીની મુદત વધુમાં વધારી શકશે. લ્હેણી થયેલી તારીખથી ૧૪ દિવસની અંદર જે હપ્તાથી રકમ વસુલ આપવામાં ન આવે તેના ઉપર ત્રણ ટકા સુધી વ્યાજ (શિક્ષા) તરીકે લઈ શકાશે.

(૪) સમિતિની મુનસુફી પ્રમાણે દરેક કરજ બે જામીન અને ઢોર અથવા જંગમ મિલ્કત લઈને સલામત કરવામાં આવશે. દરેક સાટુ ખત લખી લેવામાં આવશે. જેમાં વ્યાજનો દર, હપ્તા, તારીખો અને જામીનગીરીનો પ્રકાર જણાવવામાં આવશે.

(૫) મંડળીએ ઢોર ખરીદવા સારૂં આપેલ કરજના ૧૦ ટકા રકમના શેર સભાસદે ધારણ કરવા પડશે.

આર. બી. કુંપર

૨૦

પેટા કાયદા કલમ ૧૫. નફાની વહેંચણી :-

(૧) વાર્ષિક સાધારણ સભામાં ગયા વરસમાં થયેલો કાચો નફો જાહેર કરવામાં આવશે અને નીચે મુજબ કપાત કરવામાં આવશે.

(અ) કરજ અને થાપણો ઉપર આપવાનું વ્યાજ.

(બ) મંડળીના કામકાજનું વ્યાજનું ખર્ચ.

(ક) નુકશાની.

(ડ) મકાન અને બીજી ક્ષીણ થતી મિલ્કતનો ઘસારો.

(ઈ) સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ જો હોય તો તેનો, મંડળીએ આપવાનો ફાળે,

(૨) આ બધી રકમો કપાત થયા પછી બાકી રહેલો ચોખ્ખો નફો ગણાશે.

(૩) ચોખ્ખા નફાના ૨૫ ટકાથી ઓછી નહિ તેટલી રકમ દર વર્ષે અનામત ભંડોળ ખાતે લઈ જવી જોઈશે.

(૪) શેર ધારણ કરનાર દર વરસે સેંકડે શેર ઉપર ૧૫ ટકાથી વધુ નહિ તેટલી રકમ ડીવીડન્ડ તરીકે વહેંચવા માટે તેમજ ગુજરાત રાજ્ય સહકારી સંઘને શિક્ષણ ફંડમાં જો મંડળી ત્રણ ટકા કે તેથી વધુ દરે ડીવીડન્ડ જાહેર કર્યું હશે તો ગુજરાત રાજ્ય સહકારી મંડળીઓના કાયદાની કલમ ૬૯ તથા કાનૂન નં. ૩૧ મુજબ શિક્ષણ ફાળો જુદો કાઢવામાં આવશે, અને આ રકમ જિલ્લા સહકારી સંઘને અદા કરવામાં ન આવે ત્યાં સુધી સભાસદોને ડીવીડન્ડ આપી શકશે નહિં. છતાં અનાદર કરશે તો સંબધકર્તા શખ્સ અંગત જવાબદાર ગણાશે. નફાની વહેંચણીની માહિતી જીલ્લા સહકારી સંઘને મોકલી આપવાની રહેશે.

(૫) મંડળીએ શિક્ષણ ફાળા ખાતે નાણાં જુદા કાઢયા પછી મંડળીના દૂધ વેચાણ કેન્દ્ર તથા દૂધના ઉત્પાદક અંગે જરૂરી રકમ પુરી ન થાય ત્યાં સુધી ૨૫ ૬ મકાન ફંડ ખાતે કાઢયા પછી બાકી રહેલી રકમની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવશે.

૪૦ ટકા સભાસદોએ મંડળી મારફતે વેચેલા દૂધની કિંમતના પ્રમાણમાં વહેંચવા સભાસદ બોનસ ફંડ ખાતે.

૨૫ ટકા શકમંદ અને ખરાબ લ્હેણાં ફંડ ખાતે.

૧૦ ટકા ઢોર સુધારણા સવલત ફંડ ખાતે.

૧૦ ટકા ધર્મદા ફંડ ખાતે.

આર. બી. કુંપર

RICT REGISTRAR A-DANGS

૫ ટકા સ્ટાફ બોનસ ફંડ ખાતે (નોકરોને બોનસ તરીકે) વ્યવસ્થાપક સમિતિ નક્કી કરે તે પ્રમાણસર આપવા પરંતુ આવું બોનસ પ્રત્યેક દાખલામાં એક માસના પગારથી વધારે હોવું જોઈએ નહિ.

૫ ટકા સહકાર પ્રચાર ફંડ ખાતે.

૫ ટકા ડીવીડન્ડલાઈઝેશન ફંડ ખાતે જુદા કાઢવા... ઉપર પ્રમાણે વહેંચણી કરતાં બાકી રહેલી રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવી. ઉપર જણાવેલી નફાની વહેંચણીમાં ફેરફાર કરવાને જરૂર જણાય તો સાધારણ સભા, સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીની સંમતિથી વહેંચણીમાં ફેરફાર કરી શકશે.

(૬) ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના કાયદાની કલમ ૬૯માં ફરમાવેલી રકમો ઉપરાંત તમામ દાખલ ફી, દંડ, શેર ટ્રાન્સફર ફી, જપ્ત થયેલી રકમ દંડનીય વ્યાજ અને બક્ષીસની રકમ અનામત ભંડોળ ખાતે લઈ જવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૬. હિસાબ અને દફતરો :-

(૧) હિસાબ અને દફતરો રજીસ્ટ્રાર સાહેબે મુકરર કરેલા નુમનામાં વ્યવસ્થાપક સમિતિને જરૂર લાગે તેવા સુધારા વધારા સાથે રાખવામાં આવશે.

(૨) મંડળીનો હરકોઈ સભાસદ કામકાજના સમય દરમ્યાન તેના પોતાના ધંધાના લેવડ-દેવડ સાથે સંબંધ હોય તે પૈકી કોઈપણ પત્રક તપાસી શકશે.

(૩) મંડળીની રોકડ સિલક, ડેડસ્ટોક અને ઈતર મિલ્કતો કોના તાબામાં રહેશે તે બાબતે મંડળીની વ્યવસ્થાપક સમિતિએ દર વર્ષે નક્કી કરવાનું રહેશે. જ્યાં સુધી આ પ્રમાણે નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી મંડળીની રોકડ સિલક, ડેડસ્ટોક અને ઈતર મિલ્કતો માટે મંડળીના મંત્રી પ્રમુખના હવાલામાં રહેશે અને તેઓ વ્યક્તિગત રીતે તે માટે જવાબદાર રહેશે.

(૪) દર વરસે ૨૫ એપ્રિલ અગાઉ વ્યવસ્થાપક સમિતિ પાછલા ઉપજ અને ખર્ચ, પુંજી અને દેવું તથા નફો અને તોટો બતાવનાર પત્રકો તૈયાર કરશે. આ પત્રકોની એક નકલ સહકારી ઓડિટરને ૩૦મી એપ્રિલ પહેલા પુરી પાડવામાં આવશે.

પેટા કાયદા કલમ ૧૭. પેટા નિયમના સુધારા :-

સ્થાનિક સરકારે કરેલા નિયમોને પાત્ર રહીને પેટા નિયમમાં સુધારો થઈ શકશે પરંતુ તેવાં સુધારાની ખબર સંબંધકર્તા રજીસ્ટ્રારશ્રીને સભાસદો સભા ભરવાના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપેલી હોવી જોઈશે. સુધારા કાયદાની કલમ ૧૩ (૨) મુજબે નોંધવામાં આવે ત્યાર પછી અમલમાં આવશે.

આર. બી. કુંવર

૨૨

પેટા કાયદા કલમ ૧૮. અન્ય બાબત.

(૧) મંડળી વલસાડ જિલ્લા સહકારી બેંક લિ. સાથે સંયોજિત થશે.

(૨) મંડળી વલસાડ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિ. સાથે સંયોજિત થશે. આ સિવાય મંડળી દૂધની કામગીરી કરતાં અન્ય કોઈપણ દૂધ ઉત્પાદક સંઘ સાથે સંયોજિત થઈ શકશે નહિ.

(૩) મંડળી વલસાડ જિલ્લા સહકારી સંઘ સાથે સંયોજિત થઈ શકશે.

(૪) પેટા કાયદાના અર્થ અંગે મતભેદ ઉપસ્થિત થશે તે અંગે કાયદેસર રીતે જે નિર્ણય આવશે તે નિર્ણયાત્મક ગણાશે.

(સહી) (૧) શ્રીમતી રમીલાબેન વિનોદભાઈ કુંવર (મુખ્ય પ્રયોજક) આર. વી. કુંવર

(૨) " ગીતાબેન જુવાનભાઈ દેસાઈ

(૩) " રેશમીબેન કાંતુભાઈ કુંવર આર. કે. કુંવર

(૪) " કાંતીબેન ઈશ્વરજીભાઈ દેસાઈ કે. આઈ. દેસાઈ

(૫) " વાસંતીબેન વિજયભાઈ મકવાણા

(૬) " સંતોકબેન દિલીપભાઈ રંગાણ સંતોકબેન

(૭) " સવિતાબેન રાજુભાઈ રંગાણ સવિતાબેન

(૮) " રતીબેન મગનભાઈ કુંવર રતીબેન મગન

(૯) " લાડુબેન વેસ્તાભાઈ કુંવર

(૧૦) " મનિષાબેન ઈશ્વરજીભાઈ દેસાઈ મનિષાબેન. દેસાઈ

(૧૧) " ઉર્મિલાબેન કિરણભાઈ દેસાઈ ઉ. દેસાઈ

તારીખ : ૨૬/૦૨/૨૦૨૪

આર. વી. કુંવર

અત્રેની કચેરીનાં જા.નં. નઘણ/૦૨/ચઘ-૨../૩૮૪૨/૨૦૨૬ તા. ૧૦/૦૨/૨૦૨૬ થી પે.નિ. ૧ થી...૨૮.....જરૂરી સુધારાવધારા સહ મંજુર કરી નોંધણી કરવામાં આવે છે.

સ્થળ : આહવા–ડાંગ ( )
તા. ૧૦/૦૨/૨૦૨૬ મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
આહવા–ડાંગ

ડાંગ-આહવા તા.૧૦/૦૨/૨૦૨૬

બી.કે.છત્રોલા
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ડાંગ-આહવા

વસુધારા

મુદ્રક : જવાહર પ્રિન્ટીંગ પ્રેસ, બજાર-સ્ટ્રીટ ચીખલી, તા.ચીખલી, જિ. નવસારી. મો. ૯૮૨૫૫૮૬૦૮૨

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

જાહેરનામું

નોંધણીનંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૩૧૪૯/૬૪/૧૮૭/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, ઓમકાર રો કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમીટેડ. સોઠિયા નગર, કૈલાસ રોડ, પારડી સાંઢપોર, તા.-જિ.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણીનંબરઃ-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૩૧૪૮/૬૨/૧૮૮/ ૨૦૨૬ આથી જાહેર કરે છે કે, સુમેધા એપાર્ટમેન્ટ કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમીટેડ. શેઠઆર. જે.જે.હાઈસ્કુલ પાસે. તિથલ રોડ,વલસાડ તા.જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જાહેરનામું

નોંધણી નંબર :-નધણ/વીએલડી/સા(હા)-૨૦૨૬૦૩૧૪૭/૬૦/૧૮૯/૨૦૨૬ આથી જાહેર કરે છે કે, બંગ્લોઝ કો.ઓપ હાઉસીંગ સર્વિસ સોસાયટી લિમીટેડ. સર્વે નં.૨૨૭૦, પોળીયા રોડ, દમણી ઝાપા, કિલ્લા પારડી-૩૯૬૧૨૫ તા.પારડી જી.વલસાડને

સને ૧૯૬૨ના ગુજરાત કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

વલસાડ તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.એન.પટેલ
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓનો (હા) વલસાડ

નોંધણી નંબરઃ CSNAVSEMILK202602854 આથી જાહેર કરે છે કેઃ- મહિલાઓ સંચાલિત સાલેજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.પો.સાલેજ., તા.ગણદેવી., જિ.નવસારીને સને ૧૯૬૨નો ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

નવસારી તા.૨૯મી જાન્યુઆરી, ૨૦૨૬

ડી.એમ.પટેલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ નવસારી

ક્રમાંકઃઉખસા/નધણ/CSSURSEM2026/03150/ સને-૨૦૨૬.-આથી જાહેર કરે છે કે : વાંકલ કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા સહકારી મંડળી લિમીટેડ મુ.પો.વાંકલ તા.માંગરોલ જિ.સુરતને

સને : ૧૯૬૧ ના ગુજરાત અધિનિયમ નંબર-૧૦ (ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, સને : ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

એચ.ડી.કાછડ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ સુરત

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નોધણીનું પ્રમાણપત્ર

નોધણી ક્રમાંક :- CSKHESAHAA202603146.- આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, સંકલ્પ એક્ઝોટીકા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લી, મુ.મંજીપુરા તા.નડીયાદ જિ.ખેડાને

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

નડીયાદ તા.૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬

જે.પી.દરજી
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ) સુરત

જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા

નં.નધણ/૦૧/ખ-૨/૯૩/CSKHESEM202603152.- આથી જાહેર કરે છે કે, ચિશતીયા કલસ્ટર સખી સહકારી મંડળી લિ. મુ. નરસંડા તા, નડીઆદ જિ.ખેડા

(સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો -૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

નં.નધણ/૦૧/ખ-૨/૯૫/CSKHESEM202603151.- આથી જાહેર કરે છે કે, ક્રિષ્ના કલસ્ટર સખી સહકારી મંડળી લિ. મુ. પીલોલ તા, ઠાસરા જિ.ખેડા

(સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો -૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

નડીયાદ તા.૧૭મી ફેબ્રુઆરી, ૨૦૨૬

ડો.સ્તુતિ.રાવલ
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ નડીયાદ

ક્રમાંક :CSSURSAHAA202602760.- આથી જાહેર કરે છે કે, સુડા સંસ્કૃતિ રેસીડેન્સી બ્લોક-સી ૧૦ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમિટેડ. મુ.વણકલા, તા,અડાજણ જિ.સુરતને

(સને:૧૯૬૨નો ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ સને:૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

સુરત તા.૨૧મી જાન્યુઆરી, ૨૦૨૬

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ) સુરત

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.10 16:15:37 IST